# સહજ-સત્સંગ

Year : 1 Issue : 5 Dt. 1-6-2013 Page - 52 માસિક



દ્વિતિય સપ્તર્ષિ : અત્રી



# મા મીરાંબિકા

Supreme Lord, teach us to be silent,
so that in silence we may receive
Thy force and understand Thy will.

- The Mother

## પ્રભુ ઇચ્છા જાણવાની રીત

ભાવાનુવાદ

પરમ-પ્રભુ, શીખવ અમને, નીરવ કરવું ચિત્તને,
અભીપ્સાને જોરે તે, ઊર્ધ્વમાં એકાગ્ર બને.
તે નિર્વાત ચિત્ત-પટલે, તારી શક્તિ રેખાંકન કરે,
તારી ઈચ્છા સાકાર કરી, તેની સાચી સમજણ બને.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૨ સપ્ટેમ્બર ૧૯૧૪ - પૃ.૧૮૪)



અચિંત્ય એવા મૂળ સત્‌માં રહેલા એ સત્‌ના બાહ્યમાં બાહ્ય સાક્ષાત્ બનેલાં રૂપોમાંનો તું પોતાને જ પ્રણામ નથી કરતો ?..... એ સત્‌તત્ત્વ..... ઘાટ ભલે ગમે તે હોય પણ તે તું જ છે. એ શાશ્વત તત્ત્વ પણ તું જ છે. એ સમગ્રતા ભરી પ્રકાશમય વિવિધ ચેતનાને તે અમારી કરી આપી છે. જેને લીધે અમે તારાં બની રહીએ. હકીકત અને અસરકારક શક્તિ તરીકે પણ.

જે કોઈ આવિર્ભાવ પામેલું નથી, હજી અજ્ઞેય છે તેને અમે વધુને વધુ જાણતાં થઈએ છીએ. જે હંમેશા અજ્ઞેય જ રહેવાનું છે તેને પ્રેમપૂર્ણ આરાધનાથી પ્રણામ કરીએ છીએ.

આ વિશ્વરૂપ આવિર્ભાવની અંદર સર્વ કાંઈ એક સતત બની રહેતી વસ્તુ બની રહે છે.

આમ એ પરમ-તત્ત્વ એકી સાથે શાશ્વત અને શાશ્વત બનવું એ બન્ને અવસ્થામાં છે.

હે જગતના સ્વામી, જે કાંઈ શાશ્વત છે અને જે કાંઈ શાશ્વતકાળ સુધી બનતા રહેવાનું છે તે બેની વચ્ચે તું એક સાથે બન્ને સાથે એકરૂપ થતો મધ્યગામી છે.

તું દૃષ્ટિગમ્ય પણ છે અને અવ્યાખ્યેય પણ છે. તારા વિરાટ પ્રકાશમય અસ્તિત્ત્વને હું પ્રણામ કરું છું.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (જ્ઞાત - અજ્ઞાત બન્ને તું જ) | ૩ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (કુટેવોને કેવી રીતે બદલશો ?) | ૩૨ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ | **જાતકથાઓ** (સત્યનો જ વિજય થાય છે) | ૩૪ |
| **દિવ્યજીવન** (અધ્યાત્મવાદ) | ૭ | **સાંજના વાર્તાલાપો** (પ્રાણશક્તિનું સ્વરૂપ) | ૩૬ |
| **માતૃવાણી** (પ્રભુ અને જગત) | ૧૦ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (પ્રેમની ઝંખના (૪૭)) | ૩૯ |
| **સાવિત્રી** (આદિસંકલ્પમાં પુરુષ-પ્રકૃતિનું સાયુજ્ય) | ૧૩ | **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા ) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (ચેતનાની કાર્યપદ્ધતિ) | ૧૭ | **યોગના મૂળ તત્ત્વો** (અંતરનો સાદ અને તે માટેની સાધકની યોગ્યતા) | ૪૩ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (રૂપાંતરની ત્રિવિધ અવસ્થાઓ) | ૨૧ | **વિજ્ઞાન** | ૪૬ |
| **ઉપનિષદો** (આત્મસાક્ષાત્કાર) | ૨૪ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **યોગ પર દીપ્તિઓ** (ચેતનાનાં સ્તરો અને વિભાગો) | ૨૭ | | |
| **વેદ-રહસ્ય** (ઉષાનું સ્વરૂપ ) | ૨૯ | | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૫ વર્ષ : ૧
જૂન - ૨૦૧૩

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચુકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# જ્ઞાત - અજ્ઞાત બન્ને તું જ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ બન્ને છે તે શાશ્વત નિરાકાર, નિશ્ક્રિય અસ્તિત્વ માત્ર પણ છે અને અનંત બાહ્ય સ્વરૂપોમાં પણ તે પોતાને ઢાળે છે. આમ એકી વખતે શાશ્વત સત્ અને શાશ્વત્ વિકસતી વસ્તુ પણ છે. હે પ્રભુ તું જ આ વિકસતા મારા સ્વરૂપે તારા જ પેલા શાશ્વત ચિરંતન રૂપને પ્રણામ કરી રહ્યો છે.

જે વસ્તુ હજી સુધી આવિર્ભાવ પામી જ નથી અને તેથી અજ્ઞેય છે, તેને હું વધુને વધુ તેના આવિર્ભાવની સાથો સાથ જાણતો થાઉં છું. જે કદિ આવિર્ભાવ પામવાનું જ નથી. અને તેથી કાયમ અજ્ઞેય જ રહેવાનું છે, તેને હું પ્રેમભક્તિપૂર્ણ વંદન કરું છું. ખરેખર તો મારી દ્વારા ઉપર જણાવેલ છે. તેમ પ્રભુ પોતે જ પોતાને વંદન કરતા હોય છે.

વિશ્વ એ પ્રભુનો જ વિકસન-પ્રક્રિયામાં પ્રવેશેલો અંશ છે. તે જ જીવનદ્વારા પ્રગટ થવા ઈચ્છે છે.

તું તો મધ્યગામી છે અર્થાત્ બન્ને છે. જ્ઞાત અને અજ્ઞેય. તું વિરાટ વિશ્વ તરીકે પણ પ્રગટ થઈ રહ્યો છે. તેથી દૃષ્ટિગમ્ય છે. પણ અપ્રગટ તું તો અવ્યાખ્યેય છે. અને છતાં તે અજ્ઞેય પણ અનુભવાય તો છે જ.

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

**દેહના દિવ્ય રૂપાંતરની શ્રી માતાજીની સાધના :**

શ્રી અરવિન્દે સોંપેલા મહાન કાર્ય માટે શ્રી માતાજીને પૂરતો સમય મળતો નહોતો. આથી ૧૯૬૧માં શ્રી માતાજી ત્રીજા માળે પોતાના રૂમમાં ચાલ્યા ગયાં અને આશ્રમની દરેક પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ દેખરેખને બદલે વિભાગીય અધ્યક્ષો દ્વારા દોરવણી અને માર્ગદર્શન આપવા લાગ્યાં. હવે તેઓ અધ્યક્ષોને જ મળતાં. જેમના જન્મદિવસ હોય, એવા સાધકો અને મુલાકાતીઓને જ દર્શન આપતાં. બાકી વર્ષના ચાર દર્શન દિવસોએ તેઓ બધાંને બાલ્કની દર્શન આપતાં. આમ પરોક્ષ રીતે હવે બધા સાધકો એમનું માર્ગદર્શન મેળવી શકતા. શ્રી માતાજીને તેથી દેહકોષોની સાધના માટે સમય મળવા લાગ્યો. શ્રી અરવિન્દના દેહત્યાગ પછી ત્રેવીસ વર્ષ સુધી તેઓ દેહકોષોમાં અતિમનસ ચેતનાને સક્રિય કરવાનું કાર્ય કરતાં રહ્યાં. શરીરની ભૂમિકા પરનો આ સાધનાપથ તદ્દન અજાણ્યો હતો. આ માર્ગે અગાઉ કોઈ ગયું જ ન હતું. તેથી કોઈનું ય માર્ગદર્શન પણ નહોતું. હવે તો એકલાએ જ આ માર્ગમાં આવતી સઘળી મુશ્કેલીઓનો સામનો કરીને રસ્તો શોધવાનો હતો અને તેમણે એ રસ્તો શોધી આપ્યો. પરંતુ તેમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ રહેલી હતી. એ અંગે શિષ્યે પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં તેમણે એમ જણાવ્યું હતું.

**દેહકોષોમાં અતિમનસ શક્તિના અવતરણમાં રહેલી મુશ્કેલીઓ :**

દેહ તો સ્થૂલતત્ત્વનો બનેલો છે. સ્થૂલતત્ત્વ દિવ્યશક્તિને સહેલાઈથી ગ્રહણ કરી શકતું નથી. આથી આ સાધનામાં શ્રી માતાજીએ અનેક મુશ્કેલીઓનો અનુભવ કર્યો.

**(૧) શરીર દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લું નથી :**

શ્રી માતાજીએ શરીરની ભૂમિકા પરની સાધના કરતાં અનુભવ્યું કે આ સ્થૂલ શરીર દિવ્ય ચેતના પ્રત્યે જરા પણ ખુલ્લું નથી. એ તો મન અને પ્રાણશક્તિ પ્રત્યે જ ખુલ્લું છે અને તેના જ હુકમોથી કાર્ય કરવા ટેવાયેલું છે. તેથી શરીર દિવ્યશક્તિ પ્રત્યે કેમે ય ખુલ્લું થતું નથી. શ્રી માતાજી મન અને પ્રાણને શરીરના જુલમગારો કહે છે. તેઓ કહે છે કે, મન પોતાના વિચારો દ્વારા અને પ્રાણ પોતાનાં સંવેદનો દ્વારા શરીરને પીસ્યે જ જાય છે, પીસ્યે જ જાય છે. પણ તે હાલ પૂરતાં સાધનો છે. ભવિષ્યમાં ચેતનાની બીજી અવસ્થાઓ આવશે.'' જો શરીર દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લું થાય, સર્વોચ્ચ શક્તિના હુકમને તાબે થાય તો જ મન અને પ્રાણ એમ બે જુલમગારોની સત્તા આપોઆપ ખરી પડે. સર્વ પ્રથમ તો શરીરને દિવ્ય શક્તિ પ્રત્યે ઉદ્‌ઘાટિત કરવું જોઈએ. આ શરૂઆતનું કાર્ય જ ભારે મુશ્કેલ છે.

**(૨) જડ પદાર્થમાં રહેલી અશુદ્ધિ અને વિકૃતિ :**

શ્રી માતાજીએ એ અનુભવ્યું કે શરીર જે પદાર્થનું બનેલું છે, એ પદાર્થમાં જ અશુદ્ધિ છે, વિકૃતિ છે. જો એ પદાર્થ પૂરેપૂરો શુદ્ધ હોય તો જ પરમચેતનાને વિકૃત કર્યા વગર સીધેસીધી ધારણ કરી શકે. અશુદ્ધિને લઈને પરમ ચેતના જ્યારે તેમાં ઉતરે ત્યારે તે તેને વિકૃત રીતે ધારણ કરે છે આ પરિસ્થિતિ દિવ્યરૂપાંતરના માર્ગમાં ભારે અવરોધરૂપ બને છે.

**(૩) જડ પદાર્થમાં રહેલું ભારોભાર અજ્ઞાન :**

કોષોની સાધના કરતાં શ્રી માતાજીને જડતત્ત્વમાં રહેલા અજ્ઞાનનો પણ અનુભવ થયો. તેમણે જોયું કે જડતત્ત્વ એ ભારોભાર અજ્ઞાનથી ભરેલું છે. તેમાં અસત્ય અજ્ઞાનરૂપ બની ગયું છે. તેમાં દુરિચ્છા નથી. પણ નિષ્ક્રિયતા અને અજ્ઞાન છે. સત્ય વિષેનું સંપૂર્ણ અજ્ઞાન છે. શારીરિક વેદના ન ભોગવવી પડે તે માટે શું કરવું જોઈએ એનું એને બિલકુલ જ્ઞાન નથી. આ અજ્ઞાન શરીરના એક એક કોષમાં ઠાંસી ઠાંસીને બેઠેલું છે. આ અજ્ઞાનને દૂર કરીને તેમાં પરમ ચેતનાનો પ્રકાશ પાથરવાનો છે, પણ શરીર જાણતું નથી કે એ કેવી રીતે કરવું. આ જ મોટી મુશ્કેલી છે.

**(૪) શરીરની ટેવો અને સંસ્કારો :**

દેહની ભૂમિકા પર સાધના કરતાં શ્રી માતાજીએ અનુભવ્યું કે આ જડ શરીર તો ટેવોનું બનેલું છે. શરીરને જન્મોજન્મથી જે ટેવો અને સંસ્કારો પડ્યા છે, તે પ્રમાણે જ તે કામ કરે છે. કોષોનો ઘસારો અને મૃત્યુ પણ શરીરને યુગોથી પડેલી ટેવ જ છે એમ તેમને જણાયું. આ ટેવો યંત્રવત્ ચાલ્યા જ કરતી હોય છે. કોઈ વ્યક્તિ ખૂબ સભાન હોય, આત્મરત હોય તો પણ તેના શરીરની યંત્રવત્ ટેવો તો ચાલતી જ રહે છે. શ્રી માતાજીનું શરીર તો સાધનાને પરિણામે ઘણું જ મુલાયમ અને નમનીય બન્યું હતું. તે અતિમનસ પ્રકાશને ઝીલી પણ શકતું હતું. છતાં શરીરની આ યાંત્રિક ટેવોની સામે તો તેમને પણ ઝઝૂમવું પડ્યું હતું. આ યાંત્રિક ટેવોની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે ''..... છતાં હજુ ય પેલી ખરાબ ટેવોનું વર્ષો જૂનું વજન ત્યાં બેઠેલું છે. એ ટેવો એમ કલ્પે છે કે હવે દુર્બળતા આવશે. આપત્તિ આવશે, કષ્ટ થશે. આ બધી ટેવોથીશરીરને મુક્ત કરવું, વાતાવરણમાં રહેલી આ સર્વ અશુદ્ધિઓની સફાઈ કરી તેને ફેંકી દેવી એ સહુથી વધારે કઠણ કામ છે. આમાં તો મિનિટે મિનિટે ચાલતી લડાઈ છે.'' શ્રી માતાજીને પોતાના દેહમાં જ આ ક્ષણેક્ષણની લડાઈ અવિરત લડવી પડી.

**(૫) કોષોમાં રહેલી મનોમય ચેતના :**

કોષોની સાધના દરમિયાન શ્રી માતાજીએ કોષોમાં વિખરાયેલી મનોમય ચેતનાનો પણ અનુભવ કર્યો. શ્રી અરવિન્દે પણ સાધના દરમિયાન કોષોમાં રહેલી આ ચેતનાનો અનુભવ કર્યો હતો, પણ એમણે શરીર છોડી દીધું એટલે એ ચેતના એમ જ વિખરાયેલી રહી. પછી જ્યારે શ્રી માતાજીએ કોષોના બંધારણમાં ઊંડા ઊતરવાનું શરૂ કર્યું, ત્યારે તેમને આ ચેતનાનો અનુભવ થયો,એટલું જ નહીં પણ તેમણે એ પણ જોયું કે આ ચેતના સંગઠિત થઈ રહી છે, અને તે શાંત થતાં શીખી રહી છે. પણ હજુ એ ચેતનાએ મનનો પૂરો આકાર ધારણ કર્યો નથી. એ મનને શ્રી માતાજીએ કોષોનું મન કહ્યું છે. જો આ મન પૂરેપૂરું તૈયાર થઈ જાય તો એ પોતાની અંદર અતિમનસ શક્તિને પૂરેપૂરી ઉતારી શકશે, તો પછી આ કોષો પોતે પ્રચંડ શક્તિ રૂપ બની જશે. પછી તેના ઘસારાનો કે વિઘટનનો પ્રશ્ન જ નહીં રહે. (ક્રમશઃ)

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## અધ્યાત્મવાદ
પ્રકરણ - ૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અધ્યાત્મવાદી પરમ-ચતનાને અહંકારથી પર માને છે. વ્યક્તિગત ચેતનાથી પર માને છે અને વૈશ્વિક ચેતનાથી પણ પર માને છે. વ્યક્તિ એ વ્યષ્ટિ સ્વરૂપ છે. વ્યષ્ટિ શબ્દમાં બે શબ્દો આવે છે વિ + અસ્તિ. 'વિ' એટલે ખાસ પ્રકારની વિશેષ સ્વરૂપની. અસ્તિ એટલે હસ્તિ - અસ્તિત્વ. ખાસ પ્રકારનું મર્યાદિત અસ્તિત્વ એટલે વ્યષ્ટિ સ્વરૂપ. વૈશ્વિક કક્ષાને 'સમષ્ટિ' કહે છે. સમષ્ટિ શબ્દમાં પણ બે શબ્દો છે સમ + અસ્તિ. સમ એટલે સહુમાં સમાન અને અસ્તિ એટલે હસ્તિ. અનેક વ્યષ્ટિઓમાં જે સમાન અસ્તિત્વ છે તે સમષ્ટિ છે. પરમ-ચેતના વ્યષ્ટિ અને સમષ્ટિ બંનેથી પર છે. બંનેથી અતિત છે. તે વિશ્વાતીત છે. અને આવું વિશ્વાતીત જે નિરાકાર છે, મનથી સમજવું મુશ્કેલ છે, બધે ઓતપ્રોત છે અને છતાં બધાથી નિર્લેપ અને અસંગ છે એવું સર્વવ્યાપી અસ્તિત્વ એટલે જ પરમ-ચેતના. એટલે જ બ્રહ્મ. માંડુક્યોપનિષદમાં તે પરમ-ચેતના વ્યક્તિ મારફત કેવી રીતે પ્રકટ થઈ રહી છે તેનું સવિસ્તર વર્ણન જોવા મળે છે.

ભૌતિકવાદી આત્મતત્ત્વને નકારે છે, ફક્ત ભૌતિક જડ નક્કર જગતને જ સ્વીકારે છે. આ વસ્તુ સમજવી સહેલી છે પણ બ્રહ્મતત્ત્વ કે પરમ-ચેતના અનુભવનારા તો 'સહસ્ત્રેષુ કશ્ચિત' તેથી ફક્ત પરમ-ચેતનાનો જ સ્વીકાર અનેઆ નક્કર ભૌતિક વિશ્વનો નકાર એ સમજવું સામાન્ય માનવને થોડું અઘરું

લાગે છે પણ આવા એકાંગી અધ્યાત્મવાદીઓ જણાવે છે કે ભૌતિકવાદીઓ પણ ઈન્દ્રિયોથી ન દેખાતા તત્ત્વોનો સ્વીકાર કરે છે. દા.ત. ઈથર અથવા અવકાશ. પ્રેમ અને કરૂણા જેવી ઉદાત્ત ભાવનાઓ ભૌતિક ઈન્દ્રિયોથી પર છે, એટલે તે નથી જ એમ કહેવું કેટલું તર્કયુક્ત બનશે ? નિયમ બધે સરખો જ લાગુ પાડવો જોઈએ. વિજ્ઞાનક્ષેત્રે પણ હવે દુરશ્રવણ જેવી અદ્‌ભૂત શક્તિઓ બાબત કુતુહલ સેવાઈને સંશોધન થઈ રહ્યું છે. આજના વિજ્ઞાનીઓ હવે અભૌતિક વસ્તુઓના અસ્તિત્વને પણ માન્યતા આપતા થયાં છે. અર્થાત્ હજી આવા વૈજ્ઞાનિકોની આ ક્ષેત્ર માટેની સંશોધન પદ્ધતિઓ હજી બાલ્યાવસ્થામાં છે અને તેમના સંશોધનનું ક્ષેત્ર પણ ઘણું જ મર્યાદિત છે પણ અભૌતિક વસ્તુઓને હકીકત તરીકે સ્વીકારવામાં આવે છે એ જ એક મહાન પગલું છે.

આપણી ભૌતિક જ્ઞાનેન્દ્રિયો કરતાં પણ વધારે ક્ષમતા ધરાવતી ઈન્દ્રિયો માનવ ધરાવે છે. એ હવે માન્ય હકીકત ગણાય છે. આ સૂક્ષ્મ ઈન્દ્રિયોના જગતને પણ હવે માન્યતા મળી રહી છે.

આપણી ભૌતિક ઈન્દ્રિયોની ગ્રહણ ક્ષમતાને બે મર્યાદાઓ હોય છે. એક ઉચ્ચતમ મર્યાદા અને એક નિમ્નતમ મર્યાદા. આપણી આંખો અમુક કક્ષા સુધીના ઝળહળતા પ્રકાશને જ જોઈ શકે છે. તે વધારે તીવ્ર થતાં આપણી આંખો તેની બાબતમાં અંધ બની જાય છે. તેમજ અમુક કક્ષાના મંદપ્રકાશના નીચેની કક્ષાના પ્રકાશને આપણી ઈન્દ્રિયો જોઈ જ શકતી નથી. માનવેતર પ્રાણી તે પ્રકાશને જોઈ શકે છે. આનો અર્થ ભૌતિક વિશ્વ પણ આપણી ઈન્દ્રિયોની ક્ષમતાના વિસ્તારમાં સમાઈ જતું નથી પણ તેનો ઘણો બધો ભાગ ઈન્દ્રિયોની ક્ષમતાની બહાર રહે છે અને છતાં તે જગત પણ અસ્તિત્વ તો ધરાવે જ છે. તેનું અસ્તિત્વ આપણી ઈન્દ્રિયો ઉપર આધાર રાખતું નથી. માનવની ઈન્દ્રિયોની પોતાની પણ મર્યાદાઓ છે. તેથી ઈન્દ્રિયાતીત અસ્તિત્વ નકારવું એ યુક્તિસંગત લાગતું નથી. ઈન્દ્રિયો તો જ્ઞાન મેળવવાનાં મર્યાદિત સાધનો માત્ર છે.

અધ્યાત્મવાદ એમ કહે છે કે જે ચેતના શરીરમાં રહે છે તે શરીર નષ્ટ થયાં પછી નષ્ટ થઈ જાય છે એના કોઈ પુરાવા નથી. તેમજ જે ચેતના શરીરમાં રહે છે

તે શરીર પુરતી જ મર્યાદિત કાયમ માટે રહેવાની છે એવું પણ નથી. દીવાની જ્યોત કોડીયામાં હોવા છતાં તે જ્યોતનો પ્રકાશ કોડીયા બહાર આઘે સુધી ફેલાઈ શકે છે, તેમ ચેતના શરીર દ્વારા પ્રકટ થતી હોવા છતાં તેનો શરીર બહાર પણ વિસ્તાર થઈ શકે છે. તે વ્યક્તિગત કક્ષાથી વૈશ્વિક કક્ષા સુધી અને વૈશ્વિક કક્ષાથી વિશ્વાતીત કક્ષા સુધી વિસ્તરી શકે છે. રાષ્ટ્રભક્તની ચેતના રાષ્ટ્ર સુધી ફેલાયેલી હોય છે. તે રાષ્ટ્ર સાથે એકરૂપતા સાધે છે અને રાષ્ટ્રના સુખ-દુ:ખો તેને પોતાના લાગે છે. રાષ્ટ્રભક્તનો આ ચેતોવિસ્તાર અભૌતિક અને માનસિક સ્વરૂપનો હોવા છતાં એક હકીકત તો છે જ. ચેતનાના આવા વિસ્તારને કારણે તેની ઈન્દ્રિયોના અનુભવનું સ્વરૂપ પણ બદલાઈ જાય છે. વૈશ્વિક ચેતના સાથે એકરૂપ થયા બાદ વ્યક્તિને અન્યનાં શરીરો પણ પોતાના જ શરીરો જેવા અનુભવાય છે. આ દર્શનમાં થતો વિકાસ એ એક હકીકત છે. વ્યક્તિગત ચેતનામાંના અનુભવો કરતાં પણ આ વૈશ્વિક ચેતનાના અનુભવો તેને વધારે નક્કર, સત્ય અને વાસ્તવિક લાગે છે. આનો અર્થ એ કે ચેતના જ કોઈ પણ વસ્તુને વાસ્તવિક બનાવે છે. ચેતના જ વસ્તુને વાસ્તવિકતા અર્પે છે. (ક્રમશઃ)

---

(પૃ.૧૨ ઉપરથી)

## માતૃવાણી

૨૩ પ્રભુની અને આપણી ચેતના એક છે. પ્રભુનો અને આપણો સંકલ્પ એક છે. પ્રભુનું અને આપણું જીવન એક છે. પ્રભુનું અને આપણું વ્યક્તિત્વ પણ એક જ છે, તે જ સારસર્વસ્વ છે. પૃ.૮

૨૪ પ્રકૃતિથી પર રહેલા પ્રભુના કાર્યના સંકલ્પને જ બધું આધીન છે. તે સંકલ્પ જ સંચાલન કરી રહ્યો છે પણ આપણે તે બાબત અને તેની રીતિ બાબત સભાન નથી. પૃ.૮

૨૫ દિવ્ય-પ્રભુની હાજરીનો અનુભવ જ આપણને આની સભાનતા બક્ષે છે. પૃ.૮

૨૬ પરમ-આનંદ જ જગતનો આધાર છે અને તેના છૂટાછવાયા, આછા-પાતળા અનુભવોને લીધે જ જગત ટકી રહ્યું છે. પૃ.૯

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# પ્રભુ અને જગત

**(માતૃવાણી ભા.-૧૫, પૃ.૩-૮) (ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)**

પ્રકરણ - ૨૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ જે પૂર્ણ આત્મા છે, સર્વત્ર વ્યાપેલો છે; તે જ પ્રભુ છે - તત્ સઃ પૃ.૩

૨ પ્રભુની સંકલ્પશક્તિ જ દરેક વસ્તુને ગતિમાં મૂકે છે, તેને માર્ગદર્શન આપે છે. તેનું સંચાલન કરે છે અને તેની દ્વારા કાર્ય પણ કરે છે. આ રીતે જ આપણે પ્રભુની સેવા કરીએ છીએ- તેના કરણ બનીને, સાધન બનીને. પૃ.૩

૩ પ્રભુ સ્વયંભૂ છે, જાતે જ પ્રગટ્યાં છે. પૃ.૩

૪ દરેક વસ્તુ સહજ રીતે સીધેસીધી પ્રભુમાંથી પ્રગટ થઇ રહી હતી, પણ વચગાળાના માધ્યમોએ ગૂંચવાડા નિર્માણ કર્યા, તેથી જગત આવું બન્યું છે. પૃ.૪

૫ પ્રભુ પોતાને વિષે સચેતન, સભાન બને છે તે અવસ્થાને ચેતના કહે છે. તે અવસ્થામાં જગત નિર્માણ થયું. ચેતનાએ ‘પ્રાણ’નું સ્વરૂપ ધારણ કર્યું અને જીવન સર્જ્યું. પૃ.૪

૬ ચેતનામાં એકરૂપ થઇને સભાન બનવાની શક્તિ છે. તે સર્વાંગપૂર્ણ સભાનતાને લીધે જ સર્વજ્ઞ છે. આપણી ચેતના અને સભાનતા મર્યાદિત છે. પ્રભુની ચેતના સર્વ સર્જનક્ષમ પણ છે. આપણી સર્જનશક્તિ પણ

મર્યાદિત છે પણ તેમાં પોતાની મર્યાદાઓથી ઉપર ઊઠવાની ક્ષમતા પણ છે.

પ્રભુની ચેતનામાં ચેતનાનાં બધાં જ સ્તરો છે. તેમના સંબંધોની જાણકારી છે, તેમ જ બધી જ કક્ષાઓની સભાનતા પણ છે - વ્યક્તિગત, વૈશ્વિક અને વિશ્વાતીત. પૃ.૪

૭ સમગ્ર વિશ્વ પ્રભુનો આવિર્ભાવ છે. તે આવિર્ભાવ અચેતનતામાંથી ધીરે ધીરે ઉત્ક્રાંતિ દ્વારા બધી કક્ષા અને સ્તરોરૂપે પ્રગટ થવાનો છે. પૃ.૪

૮ આપણે અહમ્‌માંથી મુક્ત થશું તેમ તેમ આ મહાન આશ્ચર્યો પ્રગટ થવા લાગે છે. પૃ.૫

૯ વિશ્વ જ્યારે બધી રીતે પ્રભુ સાથે સચેતન એકરૂપતા ધારણ કરશે ત્યારે પ્રભુ જગતનો સાચો પૂર્ણ સ્વામી બની ગએલો હશે અને આવિર્ભાવ-પ્રક્રિયા પણ પૂર્ણ થએલી હશે.

૧૦ વિશ્વો પોતે વ્યક્તિશઃ સાંત, મર્યાદિત છે પણ સમગ્ર રીતે તેમનો વિસ્તાર અનંત છે. મૂળ-તત્ત્વ પ્રભુ છે. તે પોતામાં જે ફેરફારો કરે છે તે જગતમાં પુર્નવ્યવસ્થા અને વિકાસ તરીકે પ્રગટ થાય છે. પૃ.૫

૧૧ સમગ્ર વિશ્વ અને તેના અંશસ્વરૂપ વિશ્વમાં, બન્ને સ્તરે સતત સર્જન ચાલુ જ છે. પૃ.૫

૧૨ સર્જનમાંની બે ગતિઓ કોઈ વખત સમાન નથી. દરેકની પોતાની ખાસ વિશેષતા છે. થોડીઘણી સામ્યતા ધરાવતાં આંદોલનોને એક કુટુંબનાં આંદોલનો કહેવાય છે. પ્રભુ આ રીતે એક જ હોવા છતાં પોતાને અનંતરૂપે પ્રગટ કરે છે. પૃ.૫

૧૩ સ્થૂલ-ભૂમિકા ઉપર પ્રભુ પોતાને સૌંદર્યરૂપે, પ્રાણમય ભૂમિકા ઉપર શક્તિરૂપે, મનોમય ભૂમિકા ઉપર જ્ઞાનરૂપે અને ચૈતસિક-ભૂમિકા ઉપર પ્રેમરૂપે પ્રગટ કરે છે. પૃ.૫

૧૪ ઊર્ધ્વકક્ષાએ આ ચારે રૂપો એકતા પામે છે. તે જ ચેતનાનો, પ્રભુનો પૂર્ણ

આવિર્ભાવ છે. પૃ.૬

૧૫ વૈશ્વિક-લીલામાં આ ચાર રૂપો દ્વારા પ્રભુ આનંદ લે છે. પૃ.૬

૧૬ પણ આ આનંદ વિરોધાભાસી ગુણધર્મોથી સમગ્ર જગતમાં ઢંકાએલો છે, તેથી તે નિર્દય-સંઘર્ષનું રૂપ લે છે. ફક્ત માનવ-ચેતનામાં જ માનવ આ નિર્દય-સંઘર્ષથી સભાન બને છે, વિજય માટે ઝંખે છે, પણ તેનો ઉકેલ મનની કક્ષાની ઉપરની કક્ષાએ મળે છે. પૃ.૬

૧૭ બધા જ સંઘર્ષો દિવ્ય-બળની સ્વ-અભિવ્યક્તિના ઉપયોગમાં લેવામાં આવે છે. આવી અભિવ્યક્તિ થાય તેને અપ્રગટ ઊર્ધ્વ સત્ય પ્રગટ થયું એમ કહે છે. પૃ.૭

૧૮ આ દર્દમય વિવિધતા માટે પ્રભુએ પોતાની પરમ એકતા અને આનંદને ત્યાગ્યા છે. તે જ તેમનું પરમ-બલિદાન છે અને છતાં પ્રભુને આપણે જુલમગાર ગણીએ છીએ. પૃ.૭

૧૯ જો લોકોના આક્ષેપો જ સાચા હોત તો પ્રભુ એક મહાન - રાક્ષસ જ હોત. પૃ.૭

૨૦ પ્રભુએ આ છે તે જગત પહેલેથી જ પોતાના અંતિમ-સંકલ્પ પ્રમાણે જ બનાવ્યું હોત તો તેમાં ફેરફાર થવો શક્ય જ ન હોત અને પ્રભુ ખરેખર દુષ્ટ જ હોત. પણ તેણે તો પ્રગતિશીલ જગત રચ્યું છે, જેમાં હવે પછી દિવ્યાનંદ ક્રમશઃ પ્રગટ થવાનો છે. તેથી જગતમાં ફેરફાર શક્ય છે. પ્રભુ દુષ્ટ નથી કારણ તે પોતે જ જગતરૂપે આ દુઃખો સહી રહ્યો છે. પૃ.૭

૨૧ માનવ માને છે કે ભગવાને જગત રચી ભૂલ કરી છે અને તેમાંથી વહેલી તકે છુટકારો મેળવવો એ જ માર્ગ છે. પણ ભગવાન જણાવે છે એ આ જગત સુખાંતિકા નાટક છે અને આ તો મધ્યાંતર છે. પૃ.૮

૨૨ જ્યારે શારીરિક - જગત પ્રભુની પૂર્ણતાને પ્રગટ કરશે ત્યારે જ નાટકનો અંત આવવાનો છે. તે માટે હૃદયથી સાંભળો-સમગ્ર જગત પ્રભુ વિષે તમારી સાથે વાત કરે છે.

(અનુ.પૃ.૯ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## આદિસંકલ્પમાં પુરુષ-પ્રકૃતિનું સાયુજ્ય

પ્રકરણ-૧૮

(Savitri B-1, C-4, P-56-57)

Thus is the meaning of creation veiled;
For without context reads the cosmic page:
Its signs stare at us like an unknown script,
As if appeared screened by a foreign tongue
Or code of splendour signs without a key
A portion of a parable sublime.

ભૌતિકવાદી માટે વિશ્વનો આ અર્થ છે. વિશ્વમાં થતી ઘટનાઓ (cosmic page) બધી જાણે કોઈપણ સંદર્ભ કે સાતત્ય (context) વગર થતી લાગે છે. તેમાંની ઘટનાઓ (signs) જાણે કોઈ અજાણી લિપિમાં લખાતી હોય એવું આપણને લાગે છે ! તેની વિગતો પ્રગટ થતી હોય તો તે જાણે કોઈ પરદેશી ભાષામાં જણાવતા હોય એવું લાગે છે, અથવા તે ગૂઢ-ઘટના ઉકેલવાની ચાવીરૂપ શબ્દ (code) વણઉકેલ્યો જ રહે છે. તે ઘટના જાણે કોઈ ભવ્ય અને અદ્‌ભુત દંતકથાનો એક નાનકડો ભાગ હોય એવું લાગે છે.

It wears to the perishable creature's eyes
The grandeur of a useless miracle;
Wasting itself that it may last awhile,
A river that can never find its sea,
It runs through life and death on an edge of Time;

Afire in the Night is its mighty action's blaze.

વિશ્વની ઘટના આ મર્ત્ય-માનવને (perishable creature) એવી દેખાય છે જાણે તે એક તદ્દન નિરુપયોગી ચમત્કારની ભવ્યતા હોય (grandeur). તે ચમત્કાર થોડો વખત પ્રગટ થવા માટે જ જાણે સર્જાયો હોય ! આ વિશ્વ એટલે ઘટના પ્રવાહની એવી એક નદી છે જે સમુદ્રને કોઈ વખત મળતી જ નથી. તેને જાણે પોતાના અસ્તિત્વની સાર્થકતા જ જણાતી નથી. એવી નદી છે જે જન્મ અને મૃત્યુના બે કાંઠે સમયના ધારદાર પ્રવાહ સાથે આગળ વધે છે. તે અચિત્‌ની કાળરાત્રીમાં પોતે પ્રગટ થનારો જાણે પ્રકાશનો એક ધડાકો છે, પણ તેનો અર્થ આપણે સમજતા નથી.

This is our deepest need to join once more
What now is parted, opposite and twain.
Remote in sovereign spheres that never meet
Or fronting like far poles of Night and Day.

પણ આપણો અંતરાત્મા આપણી બુદ્ધિની જીવન અને વિશ્વ બાબતની આવી ભૂમિકાઓને માન્ય રાખતો નથી. અંતરાત્મા હાલની પરિસ્થિતિને અમાન્ય રાખતો નથી પણ તેની ઊંડેઊંડેની આંતરિક માગણી હોય છે બધાં સાથે સંવાદમાં રહેવું. આંતરિક એકતામાં રહેવું. હાલમાં જે વિભાજીત દેખાય છે, એકબીજાથી વિરુદ્ધ લાગે છે, સામસામે બે ધ્રુવ જેવા લાગે છે, નિર્લેપ, સ્વતંત્ર, પોતપોતાના ક્ષેત્રમાં એટલા એકબીજાથી આઘે લાગે છે કે તેમનો સંબંધ થવાની શક્યતા જ જણાતી નથી. જાણે તે વસ્તુઓ રાત્રી અને દિવસની જેમ સામસામે વિરુદ્ધ દિશામાં ઊભી છે !

We must fill the immense lacuna we have made,
Re-wed the closed finite's lonely consonant
With the open vowels of Infinity,
A hyphen must connect Matter and Mind.
The narrow isthmus of the ascending soul:
We must renew the secret bond in things,
Our hearts recall the lost divine Idea,

Reconstitute the perfect word, unite
The Alpha and the Omega in one sound;
Then shall the Spirit and Nature be at one.
Two are the ends of the mysterious plan.

પણ આ બધી વિભાજનની રમત આપણા જ મનની છે. આપણે આ બધા વચ્ચે ભેદભાવનું અવકાશ રચ્યું છે, તે આપણે જ નિવારવું પડશે. આપણે જ આ વસ્તુઓરૂપી વ્યંજનોને (consonant) ફરી મેળવી શબ્દ રચવો પડશે, જેને કોઈ અર્થ હોય અને તેમને જોડવાનું કામ કરશે, અસીમતારૂપી સ્વર (vowel) સારાંશ, અસીમ તત્ત્વનાં જ આ સીમિત આવિર્ભાવો છે એમ સમજી તેમને જોવાની ટેવ પાડવી પડશે.

ભાષામાં જેમ સ્વલ્પવિરામથી (hyphen) અલગ અલગ વસ્તુઓ એક જ યાદીમાં સમાવેશ કરાય છે તેમ આ ભૌતિક પદાર્થ અને મનનાં તત્ત્વો બન્નેને અસીમ તત્ત્વના આવિર્ભાવોની યાદીમાં ગણાવી જોડવાં પડશે. ભૌતિક તત્ત્વમાં આત્મતત્ત્વના આવિર્ભાવની જે ઉત્ક્રાંતિ ચાલી રહી છે તેના નીચલાં પગથિયે છે, જ્યારે મનસ્તત્વ ઉપરના પગથિયાનો આવિર્ભાવ છે. પણ બન્ને છે તો એક જ આત્મતત્ત્વના આવિર્ભાવ બહારથી તે એકબીજાથી તદ્દન અલગ લાગે છે તે જાણે સમુદ્ર વચ્ચેના બે ખંડ છે પણ તેમને આત્મતત્ત્વરૂપ ગુપ્ત અને સૂક્ષ્મ રામસેતુએ (isthmus) જોડી રાખેલાં છે. એ આત્મતત્ત્વ એવું છે જે ચડતાક્રમે વિકાસ પામી રહ્યું છે (ascending soul) આ ખોવાયેલું એકરૂપતાનું બંધન (bond) આપણે ફરી શોધી કાઢી તેને સ્થાપવું પડશે (renew) અને આપણું હૃદય જેને ઝંખી રહ્યું છે પ્રભુનો આવિર્ભાવ તે મૂળભૂત દિવ્ય-સંકલ્પ છે (divine Idea) જે વિસરાઈ ગયો છે. આપણા જીવન દ્વારા મળતા અનુભવોના અને જ્ઞાનના આધારે ફરી તે દિવ્ય-સંકલ્પને કટકે-કટકે સમજવાનો છે (Reconstitute) તેની પૂર્ણતા વિકસાવવાની છે. તેના સર્વાંગપૂર્ણ સંકલ્પને (perfect word) સમજણમાં ઉતારવાનો છે (unite) ભૌતિકતત્ત્વ અને મનસતત્ત્વ તો ધ્વનિ અને નાદના (અક્ષરોના) આદ્યાક્ષર (Alpha) અને અંત્યાક્ષર (Omega) છે.

આવી એકાત્મતાનો, એકરૂપતાનો ભાવ જ્યારે જન્મશે ત્યારે જ આત્મતત્ત્વ અર્થાત્ પુરુષ અને પ્રકૃતિ પણ પોતાનો ભેદ છોડી એકરૂપ બની જશે. બન્ને ખરેખર તો એક ગૂઢ આયોજનના બે છેડા જેવા છે.

In the wide signless ether of the Self,
In the unchanging Silence white and nude.
Aloof, resplendent like gold dazzling suns
Veiled by the Ray no mortal eye can bear.
The Spirit's free and absolute potencies
Burn in the solitude of the thoughts of God.

આત્મતત્ત્વનાં અસીમ (wide) નિરાકાર (signless) ઈશ્વર જે પાણી જેવું પારદર્શક સર્વત્ર ફેલાયેલું અનુભવાય છે ત્યાં કોઈપણ રીતે ન ડહોળાતી (unchanging) પ્રશાંતિ છે. એક પારદર્શક હીરા જેવો શ્વેત શુદ્ધ પ્રકાશ પથરાયેલો છે (white) તેને ઢાંકનારું કોઈ તત્ત્વ ન હોવાથી તે પ્રગટ છે (nude) તે તદ્દન નિર્લેપ અને આંતરપ્રકાશથી પ્રકાશિત છે (resplendent) તે આંતરપ્રકાશ ઝળહળતા સોનેરી સૂર્ય જેવો છે અને તે સોનલ-પ્રકાશ પેલા પારદર્શક ઈશ્વર મારફત પ્રગટ થઈ રહ્યો છે. તે સુવર્ણમય સૂર્ય પેલા ઝળહળતા સોનલ-પ્રકાશને કારણે ઢંકાયેલો છે અને તેથી કોઈ મર્ત્ય-માનવ પોતાની ભૌતિક આંખોથી તેને જોઈ શકતો નથી (પણ યોગી પોતાના આંતરચક્ષુથી જોઈ શકે છે.) વેદોમાં આ સ્થિતિને જ હિરણ્યગર્ભ કહ્યું છે. હિરણ્યગર્ભ એટલે જેના ગર્ભમાં, આંતર-પ્રદેશમાં, પરમ-ચેતનાનો સુવર્ણમય સૂર્ય રહેલો છે તેવી વિશ્વાતીત ચેતના. તે દિવ્ય વિશ્વાતીત ચેતનામાં આત્મતત્ત્વની બધી જ ગુપ્ત ક્ષમતાઓ પૂર્ણ અને મુક્ત રીતે ખીલેલી હોય છે. (free and absolute) તે ક્ષમતાઓ સક્રિય બનીને નીચે ભૌતિક જગતમાં પ્રગટ થવા જાણે થનગનતી હોય છે(Burn) અને તેમનો તે પ્રદેશ હોય છે. પ્રભુના આદિ સંકલ્પના, અનંત ઋત્‌નો - જગતમાંની દરેક વસ્તુ અને વ્યક્તિમાત્ર માટે સેવેલા પ્રભુના નાનકડા અનેક સંકલ્પોનો. તે છે પ્રભુની ઋતંભરા પ્રજ્ઞાશક્તિ જે પ્રશાંતિમાં જ રહેતી હોય છે (નીરવ પ્રદેશ) (solitude of the thoughts of God)

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

## ચેતનાની કાર્યપદ્ધતિ
(ભા.-૧, પૃ.૨૬૨-૨૬૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ચેતના પોતે બહુસ્તરીય છે તેથી તેને જે સ્તરે સક્રિય થવું હોય અથવા તીવ્ર રીતે સભાન થવું હોય તે સ્તરે તે એકાગ્ર થાય છે. આ એકાગ્રતાને કારણે તે સ્તરે તે સભાન બને છે. અન્ય સ્તરો એ વખતે જાણે પાર્શ્વભૂમિમાં જતાં રહે છે અન આ એક જ સ્તર જાણે અગ્રભાગે આવી જાય છે. આપણે મન, અર્થાત્ વૈચારિક-સ્તર, પ્રાણ અર્થાત્ ભાવનાત્મક-સ્તર, સૂક્ષ્મપાર્થિવ, અર્થાત્ કલ્પનામય-સ્તર અને ભૌતિક અર્થાત્ આ નક્કર ભૌતિક-જગતના સ્તરે જાગૃત થઈ શકીએ છીએ. આ માનવી-ચેતનાની ઉપર પણ મનનાં પ્રદેશો અથવા સ્તરો આવેલાં છે જેમને ઊર્ધ્વમન, પ્રકાશમય-મન, અંતઃપ્રેરણાત્મક-મન, દૈવિક-મન (અધિમનસ) કહેવાય છે. તેની ઉપર અતિમનસનાં અર્થાત્, વિજ્ઞાનમય ચેતનાનાં ત્રણ સ્તરો છે. અને તેથી ઉપર આત્માનાં સ્તરો છે જેમને સત્-ચિત્-આનંદ કહીએ છીએ.

માનવી-ચેતનાની નીચે અવચેતન અને અચેતનનાં સ્તરો છે જેના શાસ્ત્રોમાં સાત પ્રકાર પાડેલાં છે જેમને સપ્તપાતાળ કહે છે. ચેતનાની એકાગ્રતા એ ચેતનાના વિસ્તીર્ણ ફલક ઉપર, ક્યાંય જાગૃત થઈ શકે છે.

માનવી - સ્વરૂપમાંના મન, પ્રાણ અને પાર્થિવ-તત્ત્વનાં પણ બે સ્તરો પડે છે જેમને બાહ્યસ્તર, આંતરસ્તર કહેવાય છે. આ બંને મનબુદ્ધિનાં સ્તર છે. તેની પર પ્રકાશમય ચિત્તનું સ્તર છે જેને ચૈતસિકસ્તર કહેવાય છે તે જીવનું વસતિસ્થાન છે. જીવ (ચૈત્યપુરુષ) આ વ્યક્તિગત ચેતનાનો અગ્રભાગ છે તે જ મન, પ્રાણ શરીરનું સંચાલન કરીને તેમને ચેતનાના આવિર્ભાવ માટે તૈયાર કરે છે. તે પોતે તો એક પ્રતિનિધિ હોય છે. તે જીવાત્માનું આવિર્ભાવ-કેન્દ્ર છે. જીવ અર્થાત્ ચૈત્યપુરુષ

અને જીવાત્મામાં તફાવત છે. જીવનું મૂળ આત્માસ્વરૂપ તે જીવાત્મા, જીવાત્મા પ્રભુનો અંશ છે અને પ્રભુ સાથે સદા એકરૂપ જ હોય છે તેથી તે પ્રભુની જેમ સર્વજ્ઞ, સર્વશક્તિમાન હોય છે. તે સર્વવ્યાપી હોય છે. તેણે પ્રભુનો પોતાની દ્વારા વિશિષ્ટરૂપે પ્રગટ થવાનો સંકલ્પ ધારણ કરેલો હોય છે જે પ્રભુના આદિસંકલ્પનો જ એક અંશ હોય છે. તે સંકલ્પને જ ઋતમ્ કહે છે. આ જીવાત્મા જ વ્યક્તિના જીવન-વિકાસનો અધ્યક્ષ હોય છ. તે જીવન-મરણની પ્રક્રિયામાં પ્રવેશતો જ નથી. તે અવિચલ અને યથાવત્ રહે છે તેથી તેને અક્ષરપુરુષ કહે છે. જીવન આ તેથી વિરુદ્ધ જન્મમરણની પ્રક્રિયામાં પ્રવેશેલો હોય છે. તે દેહ ધારણ કરે છે અને ત્યાગે છે. તે વિકાસ પામે છે. તેથી તેને ક્ષરપુરુષ કહે છે. તે માનવની ચેતનાને વિકસાવવા ચિત્તમાં દબાણ કરે છે. તે દબાણ લાવવા આંતર કે બાહ્ય-પરિસ્થિતિ સર્જે છે. આ દબાણનો સાચો હેતુ જાણવા તેથી જ માનવે ચિત્તમાં હૃદયમાં એકાગ્ર થવાની જરૂર છે. ચિત્તના તળિયે રહેલા ચૈત્યપુરુષની વધારે ને વધારે પાસે જવા આંતર-પ્રવેશ કરવો પડે છે.

ચૈત્યપુરુષ જ્યોતિર્મય છે. તેનો પ્રકાશ જે મન, પ્રાણ, શરીરનાં સ્તરોને થોડોઘણો ધારણ કરે છે તેવાં અર્ધપ્રકાશિત સ્તરોને જ આંતરમન, આંતરપ્રાણ અને આંતર પાર્થિવ-તત્ત્વ કહેવાય છે. તે વધારે સાત્ત્વિક હોય છે.

માનવ પોતાની ચેનાના વિકાસ માટે આ રીતે બે દિશામાં પ્રવાસ કરી શકે છે. એક, ચિત્તની અંદર ઊંડા ઉતરી ચૈત્ય-પુરુષનો સંપર્ક સાધવાની આંતરિક દિશા. બીજી ઊર્ધ્વમાં મસ્તકની ઉપર રહેલ જીવાત્મા સાથે સંપર્ક કરવા માટે ઊર્ધ્વગમન કરવાની ઊર્ધ્વ દિશા. આંતર-પ્રવાસથી ચૈત્યપુરુષ (જીવ) સ્વરૂપ વ્યક્તિ-ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. ઊર્ધ્વ પ્રવાસથી જીવાત્મા સ્વરૂપ વૈશ્વિક-ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. સાધક બન્નેમાંથી કોઈ પણ દિશામાં પોતાની પ્રકૃતિનાં સ્વભાવ અનુસાર જઈ શકે છે. સર્વસાધારણ રીતે જ્ઞાનમાર્ગી ઊર્ધ્વપ્રવાસને અનુસરે છે. જ્યારે ભક્તિમાર્ગી આંતર-પ્રવાસને, જીવ અથવા ચૈત્યપુરુષ જ સાચો ભક્ત હોય છે કારણ તે સદા પ્રભુને સમર્પિત હોય છે.

વ્યક્તિનો અહંકાર એ તો ચૈત્યપુરુષની અપરા અશુદ્ધ પ્રકૃતિમાં પડેલી છાયામાત્રા છે. શુદ્ધ અને દિવ્યપ્રકૃતિ એ ચૈત્યપુરુષની હોય છે. તેમાં આંતર મન, પ્રાણ, શરીરની પ્રકૃતિનો પણ સમાવેશ થાય છે. કારણ તે ઓછાવત્તા પ્રકાશિત

હોય છે. જે મન, પ્રાણ, શરીરે ચૈત્યપુરુષનો પ્રકાશ જ ધારણ કરેલ નથી. તેને અશુદ્ધ અથવા અપરા પ્રકૃતિ કહેવાય છે. અપરા એટલે બીજી કક્ષાની અર્થાત્ થોડિક નિમ્નકક્ષાની.

આ નિમ્નપ્રકૃતિનાં પ્રદેશમાં રહેનાર અહંકાર જ્યાં ચૈત્યપુરુષ એકાગ્ર થાય છે ત્યાં જઈને જોડાઈ જવાનો પ્રયત્ન કરે છે અને પોતે તે કાર્ય કરી રહ્યો છે એવો ભાસ નિર્માણ કરે છે. પણ આ તો ખરેખર પ્રભુનું જ અનોખું આયોજન હોય છે. તે ઠેકાણે અહંકાર જોડાતા જ અહંકારના હકૂમત નીચે કામ કરનાર અપરાપ્રકૃતિમાંનાં મન, પ્રાણ, શરીર ઉપર ચૈત્યપુરુષ અપ્રત્યક્ષ રીતે કાર્ય કરી શકે છે. આ જ તે ઘટનાનો ઉદ્દેશ હોય છે. તેથી ચૈત્યપુરુષની દૃષ્ટિએ તો અહંકાર તેની નિમ્નપ્રકૃતિ સાથે જોડાણ કરવાનું એક સાધનમાત્ર છે.

આમ, ચેતના જીવાત્મા દ્વારા વૈશ્વિકકક્ષાએ અને વ્યક્તિગતકક્ષાએ બન્ને કક્ષાએ કાર્ય કરતી હોય છે. વૈશ્વિકકક્ષાએ તે સીધેસીધી જીવાત્મા મારફત કામ કરે છે જ્યારે વ્યગિતકક્ષાએ તે જીવાત્મા-ચૈત્યપુરુષ-અહંકાર આ હારમાળા દ્વારા કાર્ય કરે છે અર્થાત્ આ રીતે માધ્યમો દ્વારા જ કાર્ય કરવાનું તેને બંધન નથી. તે પોતે જગતરૂપ પણ હોવાથી સીધેસીધું કાર્ય પણ કરી શકે છે અને ઉપર જણાવેલાં માધ્યમો દ્વારા અપ્રત્યક્ષ રીતે પણ કરી શકે છે.

ઉત્ક્રાંતિમાંનાં કોઈ અવરોધને નિવારવા તે ઘણી વખત સીધેસીધું કાર્ય કરે છે. ઘણી વખત અવતારો દ્વારા અપ્રત્યક્ષ રીતે પણ કાર્ય કરે છે. સીધેસીધા કાર્યમાં ઉત્ક્રાંતિમાં કોઈ કૂદકો લેવાતો જણાય છે. જ્યારે અપ્રત્યક્ષ કાર્યમાં તે ધમે ધીમે ઉત્ક્રાંત થતી જણાય છે.

ચેતના ઉત્ક્રાંતિમાં અગ્રભાગે આવીને પણ કામ કરે છે અથવા પાર્શ્વભૂમિમાં રહીને પણ. જ્યારે તે પાર્શ્વભૂમિમાં રહી કાર્ય કરે છે ત્યારે કોઈ ગૂઢ અચેતન-શક્તિ કાર્ય કરતી લાગે છે. અણુ-પરમાણુમાં હાલ તે આ રીતે કાર્ય કરી રહી છે.

આ કાર્ય દ્વારા જે તે તત્ત્વોનાં ઘાટ પોતાના કાર્ય માટે રચે છે, તેને જ શરીર કહેવાય છે. આવી રીતે ત્રણ કક્ષાનાં ઘાટ રચાયા છે. ચૈતસિકકક્ષાના ઘાટને કારણ-શરીર, માનસિક, પ્રાણમય કક્ષાના ઘાટને સૂક્ષ્મ-શરીર અને સ્થૂળ કક્ષાના ઘાટને ભૌતિક-શરીર કહેવામાં આવે છે.

ચેતનાના કાર્યને કારણે જે વિકાસ સધાય છે તે ઉપરથી નીચે અને અંદરથી

બહાર દિશાએ જ વધતો હોય છે. ઉત્ક્રાંતિની આ નિશ્ચિત દિશા છે તેમ જ વિકાસ વ્યક્તિ-ચેતનાથી વૈશ્વિક-ચેતના તરફનો હોય છે.

જ્યારે અપરાપ્રકૃતિ આવા વિકાસને કારણે પૂરેપૂરી પરાપ્રકૃતિ બની જાય છે ત્યારે તે સમગ્ર પ્રક્રિયાને રૂપાંતર કહેવામાં આવે છે. આવી રીતે પરા-અપરા પ્રકૃતિનું વિભાજન નષ્ટ થઈને સમગ્ર પ્રકૃતિ એક અખંડ અને દિવ્ય બની જાય છે. આ અવસ્થામાં અપરાપ્રકૃતિનું સંચાલન કરનાર અહંકાની પણ જરૂર ન રહેતા તે પણ ચૈત્યપુરુષ સાથે એકરૂપ થઈ જાય છે. આને જ અહંકારનો નાશ કહેવાય છે. આવી રીતે ચેતના એક સ્વતંત્ર, અલગ, વિશ્વવ્યાપી, શક્તિસ્વરૂપ અસ્તિત્વ છે. આજના ભૌતિકવાદીઓ જણાવે છે તેમ શારીરિક-કાર્યોમાં ચાલતાં રાસાયણિક-પરિવર્તનો અને કાર્યોને લીધે ચેતનાનો ભ્રમ પેદા થાય છે તેમ નથી.

ચેતના ફક્ત રાસાયણિક-દ્રવ્યો કે ક્ષારો દ્વારા જ કાર્ય કરતી નથી. તે તો જગતમાંનાં બધાં જ દ્રવ્યો મારફત કામ કરી રહી છે. ખરેખર તો વિદ્યુત-શક્તિ, ચુંબકશક્તિ, અણુશક્તિ, ગુરુત્વાકર્ષણ-શક્તિ, યાંત્રિકશક્તિ; આ બધી જ શક્તિઓ એ તે ચેતનાનાં વિવિધ સ્તરનાં અને વિવિધ સ્વરૂપોના આવિર્ભાવ માત્ર છે. આ બધી જ શક્તિઓની મૂળભૂત જે આદ્યાશક્તિ છે તે જ ચેતના છે.

## અન્ય કેન્દ્રોના નવા પ્રકાશનો

(અ) **'પરમ'** - શ્રી માતાજીના લેખક - શ્રી મોના સરકાર સાથેના અંગ્રેજીમાંના સાધનાલક્ષી વાર્તાલાપોનું ગુજરાતી ભાષાંતર, ભાષાંતરકાર : શ્રી દિલીપભાઈ પટેલ. - કિં. : રૂા.૮૦/-
**પ્રાપ્તિ સ્થાન :** શ્રી અરવિન્દ યોગ સાધના કેન્દ્ર, રાધાકૃષ્ણ મંદિર પાસે, મહર્ષિ અરવિન્દ માર્ગ, દુધીયા તળાવ, નવસારી. મો.૯૪૦૮૯૫૩૨૪૬, ૯૪૨૭૧ ૫૨૮૮૪

(બ) પૂર્ણયોગના યાચક : શ્રી ચંપકલાલ
શ્રી માતાજીના અનન્ય સેવક શ્રી ચંપકલાલની જીવનકથની રજૂ કરતું ગુજરાતી પુસ્તક - લે. શ્રી કિરીટ ઠક્કર - કિં. - રૂા.૧૭૦/-
**પ્રાપ્તિ સ્થાન :** યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી એપાર્ટમેન્ટ સામે, વાઘોડિયા રોડ, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૫૧૦૦૩૮

# શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

## રૂપાંતરની ત્રિવિધ અવસ્થાઓ

પ્રકરણ - ૨૪
(પૃ.૧૧૮-૧૧૯)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ગતાંકથી ચાલુ

ચૈતસિક રૂપાંતરમાં પણ આવી જ પ્રક્રિયા વૈરાગ્ય, પરિત્યાગ અને પ્રત્યાહારથી પ્રથમ સાધ્ય કરવામાં આવે છે અને વ્યક્તિગત કૃતિની ખોટી ગતિઓમાં સાક્ષીભાવ રાખી મુક્તિ મેળવવામાં આવે છે. તે પછી જ ચૈત્યપુરુષ પોતાના પ્રકૃતિનાં કરણોને પોતાના સાધનો તરીકે વાપરવા માંડે છે. તે તેની સક્રિય બાજુનો સાક્ષાત્કાર છે. ક્ષરપુરુષનો સાક્ષાત્કાર છે.

છતાં પુરુષ અને પ્રકૃતિનો શક્તિમાન અને શક્તિ આ સ્વરૂપે જુદાઈનો ભાવ રહેતો હોય છે. તેમાં પુરુષ પોતાને નિરાકાર, નિર્ગુણ, નિષ્ક્રિય, નિર્વ્યક્તિક ગણે છે અને તેથી વિરુદ્ધ પ્રકૃતિ સાકાર, ગુણમયી, સક્રિય અને વ્યક્તિરૂપે (અહંકાર) અનુભવાય છે. આ બધાં દ્વંદ્વો છે, જે વિભાજનને કાયમ ટકાવી રાખે છે,

હવે વિશ્વાતીત-ચેતના આ વિરોધાભાસી દ્વંદ્વોનો સમન્વય કરે છે અને તે પોતે નિરાકાર-સાકાર, નિર્ગુણ-ગુણી, નિષ્ક્રિય-સક્રિય, વૈયક્તિક-નિર્વૈયક્તિક બધું જ બની રહે છે. તેમાં ભેદ રહેતો નથી. આવી ચેતનાને (અનિર્વચનીય ચેતના) શ્રી અરવિન્દ અતિમનસ ચેતના કહે છે. તેને ઉપનિષદો વિજ્ઞાનમય ચેતના કહે છે. તેમાં જ્ઞાન-પ્રક્રિયામાંના જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન; આ ભેદ પણ રહેતાં નથી. એકરૂપતાથી સીધેસીધું જ્ઞાન મળે છે. આવી ક્ષમતાને 'પ્રજ્ઞા' કહે છે અથવા તેને વિશેષ પ્રકારનું જ્ઞાન અથવા વિમળજ્ઞાન, શુદ્ધજ્ઞાન, વિજ્ઞાન કહે છે.

આમાં ચેતના-પ્રકારો અને કક્ષાઓ એકબીજા સાથે પૂર્ણ સંવાદમાં ગોઠવાઈ એકબીજામાં પ્રવેશી જાય છે. તે બધાં પોતે પરમ-ચેતનાના આવિર્ભાવો છે એવું અનુભવે છે. આવી એકરસ, એકજીવ દિવ્ય સક્રિય ચેતના, બ્રહ્મશક્તિ અથવા બ્રહ્મવર્ચસ્ એટલે જ અતિમનસ ચેતના અને તેનાં પૂર્ણ  અને સ્થાયી સ્વરૂપનાં વ્યક્તિગત તથા વૈશ્વિકકક્ષાનાં બધાં જ સ્તરોનું પ્રગટીકરણ એ જ અતિમાનસિકરણ કહેવાય છે. તેને જ અતિમાનસિક રૂપાંતર કહેવામાં આવે છે. ત્યાં બધાં જ વિરોધો શમીને સંવાદમય બની જાય છે. બધાં જ તત્ત્વો અવચેતન અને અચેતનનાં પ્રભાવથી સંપૂર્ણ મુક્ત બની જાય છે. ત્યાં અવચેતન અને અચેતન દિવ્ય - ચેતનાની ગ્રહણક્ષમતા અને સંગ્રહ-ક્ષમતા બની જાય છે અને તેથી સભાન પ્રજ્ઞાસ્વરૂપ બની ગયાં હોય છે. આવી રીતે સંપૂર્ણ રીતે વ્યક્તિગત અને વૈશ્વિક ચેતનાનું રૂપાંતર એ જ અંતિમ તબક્કો છે અને તે પણ શારીરિક-ચેતના સાથેનું જ. તેમાં શારીરિક કોષો પણ અતિમાનસિક રૂપાંતર પામેલાં હોય છે.

અતિમાનસિક રૂપાંતર ત્યારે જ ગણાય છે, જ્યારે ત્રણે રૂપાંતરની પ્રક્રિયા પૂર્ણ થયેલી હોય છે. તેમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા હોય તો તેને અતિમનસ-રૂપાંતર ગણવામાં આવતું નથી. આ રીતે જોતાં શ્રીકૃષ્ણ, રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય, બુદ્ધ આ બધાં અનુક્રમે, અધિમાનસિક, આંતર-પ્રેરણાત્મક, ચૈતસિક અને પ્રકાશમય મનની કક્ષાની વ્યક્તિઓ કહેવાય છે. તેમને અતિમાનસિક કક્ષાની ગણવી ભૂલ છે.

તેમ જ પરમહંસનાં પ્રાણમય પુરુષો જો બાલવત્ (શ્રી રામકૃષ્ણની જેમ), જડવત્ (જડભરતની જેમ), પિશાચવત્ (અઘોરી બાવાઓની જેમ) ઉન્મત્ત (ગાંડાની જેમ) વર્તે તો તે પ્રાણમય પુરુષનું રૂપાંતર થયેલું ન હોવાથી તેને પણ અતિમનસ રૂપાંતર કહેવાતું નથી.

આ બધી જ અધૂરાં રૂપાંતરની કક્ષામાં પણ વ્યક્તિઓ પ્રભુના કરણ બનીને પ્રભુકાર્ય તો કરે જ છે. પ્રભુનું કાર્ય સમગ્ર રીતે અને શુદ્ધરૂપે કરવા અતિમાનસિક રૂપાંતરની જરૂર છે. પણ નિમ્નકક્ષાનાં પણ પ્રભુકાર્યો તો હોઈ જ શકે છે.

પરમહંસ એ એવી એક કક્ષા છે જેમાં યોગી આત્મતત્ત્વને પ્રકૃતિથી જુદી પાડવામાં યશસ્વી થયેલો છે. તે ફક્ત નિષ્ક્રિય પાસાંનો સાક્ષાત્કાર હોય છે. જેમ હંસ નીર-ક્ષીર વિવેક કરે અર્થાત્ પાણી અને દૂધ જુદાં કરીને દૂધ જ પીએ તેમ યોગી આત્મ-તત્ત્વમાં જ આનંદથી રહે છે અને પ્રકૃતિથી વિભક્ત થઈ જાય છે ત્યારે તેને પરમહંસ અવસ્થા કહે છે.

અતિમનસ રૂપાંતરમાં મનોમય પુરુષ પ્રાણમય પુરુષ અને પાર્થિવ પુરુષ ચૈત્યપુરુષ સાથે તદ્દન સંવાદમય સ્થિતિમાં રહીને જ દિવ્ય-જીવન અનુભવે છે. તે જીવનમાં વિચારો, ભાવો અને કર્મો બધું જ દિવ્ય બની ગએલું હોય છે. દિવ્ય એટલે પ્રભુ સાથેની એકરૂપતારૂપ હાજરીના પ્રકાશથી પ્રકાશમય.

અતિમનસ રૂપાંતરમાં બધાં જ તત્ત્વો પૂર્ણ સંતુલનમાં હોય છે. એકે તત્ત્વ અસંતુલિત હોતું નથી. એ વસ્તુ જ અતિમનસમાં શક્ય નથી કારણ તે સ્વયંપૂર્ણ અવસ્થા છે, જ્યારે અસંતુલન તો રૂપાંતર પામતા નીચેનાં તત્ત્વોમાંની ઘટના છે.

સારાંશ, સમગ્ર રૂપાંતરની પ્રક્રિયાની દિશા નીચે મુજબની હોય છે :

(૧) ઉપરના ઊર્ધ્વતત્ત્વમાંથી નિમ્નતત્ત્વ તરફ (૨) અંદરના તત્ત્વમાંથી બહારના તત્ત્વ તરફ (૩) સૂક્ષ્મ તત્ત્વમાંથી સ્થૂળ તત્ત્વ તરફ.

જેમ તત્ત્વ સૂક્ષ્મ, ઊર્ધ્વમાં અને આંતરિક હોય છે તેમ તેનું રૂપાંતર કરવું વહેલું અને સહેલું પડે છે. પણ જો તે સ્થૂળ, નિમ્ન અને બાહ્ય હોય તો તેમાં વિકૃતિ વધુ હોવાથી તેનું રૂપાંતર કરવું અઘરું હોવાથી તે મોડું થાય છે.

**રાજકોટ કેન્દ્રનો સ્થાપનાદિન (૬ જુલાઈ- ૧૯૮૪)**

**કાર્યક્રમ**

**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટના સ્થાપના દિન નિમિત્તે નીચેનો સાધનાલક્ષી કાર્યક્રમ રાખેલ છે. સાધકભાઈ બહેનોને સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે.**

તારીખ : ૬ અને ૭ જુલાઈ ૨૦૧૩ સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦<br>
સાંજે ૬.૦૦ થી ૭.૩૦

સ્થળ : **મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર,**<br>
૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવાડ રોડ, રાજકોટ

વક્તા : શ્રી કૈવલ્યભાઈ સ્માર્ત

વિષય : પૂર્ણયોગની સાધના

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## આત્મસાક્ષાત્કાર

(પૃ.૪૩-૫૦)

પ્રકરણ - ૪

1 Upanishad takes up the justification of works in its second verse and founds it upon the conception of Brahaman or the self as lord or Ishavara, Isha etc. P. 51

2 It is an error to conceive... the true existence only of an impersonal and actionless Brahman. P. 51

3 Tat... this neuter does not exclude universal and transcendental personality acting and governing the world. P. 51

4 The Brahman is identical with the lord... Isha. P. 52

5 Upanishad proceeds to formulate the nature and manner of the general law of that becoming of God which we call the world. For this conception depends the vedic idea of the two poles of death and immortality and the justification of works in the world. P. 52

6 The vedantic idea of God Ishwer... must not be confused with the ordinary notions of personal God. P. 52

7 Tlie Divine personality reveals Himself in various forms and names to the individual soul, P. 54

8 In this extension we have, two aspects, one of pure infinite relationless immutability, another of totality of objects in time and space working out their relations through causality. P. 54

9 The pure immutability of the lord is bright. It is luminosity of pure concentrated self-awareness. P. 55

10 (The active Brahman and the human soul) They too are that. P. 56

11 Ignorance is the broken reflection which creates the consciousness of limitation and discord. P. 56

12 Sachchidananda using Ignorance as the minor term of its being. P. 56

13 The lord conducts the action of Prakriti... without identification. P. 56

14 Action cleaveth not to a man. P. 56

15 Works are justified by the participation of the soul with the lord in this double aspect of passivity and activity. P. 57

16 Brahman is his own subject and his own object The too aspects are inseparable. P. 58

17 All objective existence is self existent svayambhu. Svayambhu sees himself as kavi and manishi. P. 58

18 Every object holds in itself the law of its own being eternally sashvatibhyah samabhiyah, P. 58

19 All things are arranged by Him perfectly. Yathatathyatha. P. 58

20 Kavi sees the truth in itself. Vijana called the truth and law satyam rutam, They are bruhat large. P. 59

21 Purusha commands prakrili, Prakriti does not compel purusha(Na karma lipyate Nare.) P. 59

22 The Paribhu, called virat, extends Himself in the realm of evantualities. He fulfils what is contained in the truth. P. 59

23 But the becoming of virat is always lord paribhuh svayambhuh. P. 59

24 This is the truth of things as seen from above and from the unity It is the divine stand point. P. 60

25 He is brahman growing self conscious in the objective mulitipicity, P. 60

ઈશોપનિષદ કર્મ કરવાનો આગ્રહ રાખે છે. તે માટે તે કર્મનો આધાર બ્રહ્મતત્ત્વના પ્રભુના ખ્યાલ ઉપર રચે છે. તે બ્રહ્મ અને પ્રભુ બન્નેને એકરૂપ જ ગણે છે અને તેમને ઈશ, ઈશ્વર, પરમ-પુરુષ, સઃ વગેરે શબ્દોથી સંબોધે છે.

આ ઉપનિષદ ફક્ત વ્યક્તિત્વવિહીન, નિરપેક્ષ, નિરાકાર, નિષ્ક્રિય બ્રહ્મતત્ત્વનો ઉપદેશ આપે છે એમ સમજવું ભૂલભરેલું છે. તે એક જ બ્રહ્મતત્વ સાકાર અને નિરાકાર બન્ને સ્વરૂપે અભિવ્યક્ત થાય છે એમ તે જણાવે છે તેથી જ્યારે તે 'તત્' શબ્દ વાપરે છે તેનો અર્થ ફક્ત નિરાકાર બ્રહ્મ જ નથી, પણ તે વૈશ્વિક અને વિશ્વાતીત પ્રભુનું વ્યતિત્વ ધારણ કરેલું સ્વરૂપ પણ છે જ, જે જગતનું સંચાલન કરે છે. જ્યારે આ ઉપનિષદને બ્રહ્મતત્ત્વના સાકાર સ્વરૂપ ઉપર ભાર મૂકવો હોય છે ત્યારે તે ખાસ 'સઃ' શબ્દ અથવા દેવ અને પુરુષઃ શબ્દ વાપરે છે.

તે પ્રભુ જ જગતસ્વરૂપે આવિર્ભાવ પામેલો છે. જગતમાંની વસ્તુ અને વ્યક્તિમાત્ર તે પરમ-પ્રભુ જ છે. આમ, પ્રભુ જગત રૂપે કેવી રીતે થયા તેનો સિદ્ધાંત હવે પ્રસ્થાપિત કરવા માંગે છે.

વેદાંત અને વિશેષતઃ આ ઉપનિષદના સાકાર પ્રભુ અને સર્વસામાન્ય લોકોની દેવ, ઈશ્વર, પ્રભુની કલ્પના એક જ નથી. સામાન્ય લોકો માણસના સ્વરૂપને જ વધુ સમર્થ કરી તેને જ ઈશ્વર ગણે છે.

સત્-ચિત્-આનંદ જગત તરીકે કેવી રીતે આકાર લે છે તે સમજવાથી ઉપરની વસ્તુ વધારે સ્પષ્ટ થશે. તે અભિવ્યક્તિમાં આનંદ પ્રેમમાં રૂપાંતરિત પામ્યું છે, ચિત્ તત્ત્વ જ્ઞાન અને તેની સર્જન-શક્તિ આ બન્ને પાસાં તરીકે પ્રગટ થયું છે અને સત્ સત્ત્વ એ વસ્તુ માત્ર અને વ્યક્તિતાઓ સ્વરૂપે પ્રગટ થયું છે. પણ આ વ્યક્તિતા અજ્ઞાનમય નથી. દિવ્ય વ્યક્તિતામાં જ્ઞાતા અને જ્ઞેય, ભોકતા અને ભોગ એ પોતે જ છે. અન્ય વસ્તુ નથી.

બ્રહ્મતત્ત્વની સ્વસભાનતાની બે અવસ્થાઓ હોય છે. એક પોતાના અસ્તિત્વ ઉપર જ એકાગ્ર અને લયલીન અવસ્થા. બીજી પોતાના જ ચેતના વિસ્તારમાંના આકારોને રૂપોને જોતી સ્વસભાનતા. પહેલી ખૂબ જ ગહન, તીવ્ર હોય છે. બીજી હલકીફુલ જેવી સહજ. જે ગહન તીવ્ર એકાગ્રતાવાળી અવસ્થા છે તે શુદ્ધ નિરાકાર, નિષ્ક્રિય બ્રહ્મની સહજ અવસ્થા છે. જ્યારે તે સક્રિય બ્રહ્મની બને છે ત્યારે તેમાં જગતમાંની અખંડ ગતિઓ ચાલતી હોય છે (ભુવનમ્ જગત) તે બ્રહ્મની જગત બનવાની ક્રિયા અને અવસ્થા છે જે બને છે તે પણ બ્રહ્મ જ છે. જગત એ પ્રભુનું શરીર છે. તેમાંની ગતિવિધિઓ એ પ્રભુનું કાર્ય. પ્રથમ અવસ્થાને ઉપનિષદ 'તત્' કહે છે. બીજીને 'સઃ' ખરેખર તત્ અને સઃ બ્રહ્મ જ છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)

પ્રકરણ - ૨૮

## દ્વૈત - અદ્વૈત

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **કેવલાદ્વૈત વેદાંત..... 'જીવ' જેવી વસ્તુ છે જ નહિ એમ જાહેર કરે છે..... એમના મત પ્રમાણે પ્રભુ અવિભાજ્ય છે. પૃ. ૨૬**
- **બીજું એક દર્શન જીવનું અસ્તિત્વ વાસ્તવિક છે એમ સ્વીકારે છે..... સ્વતંત્ર સત્‌તાનો ઈન્કાર કરે છે. પૃ. ૨૬**
- **તેના આવિર્ભાવમાં ભેદ રહેલો છે, અને પ્રભુના આવિર્ભાવની ક્રિયા વાસ્તવિક છે..... માયારૂપ નથી... પૃ. ૨૬**
- **દ્વૈત સિદ્ધાંતના દર્શનો..... ઈશ્વર, જીવ અને પ્રકૃતિ એ ત્રણ મૌલિક તત્ત્વો ઉપર પોતાના દર્શનની પ્રતિષ્ઠા કરે છે. પૃ. ૨૬**

વેદાંતના સિદ્ધાંતો મુજબ જીવ, જીવાત્મા પ્રકૃતિ કેવા હોય છે અને તેના આવિર્ભાવમાં કેવી કેવી પ્રક્રિયા બને છે. તે બાબતે શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે.

કેવળ વેદાંતમાં આ જીવનો પૂરી રીતે અસ્વીકાર છે અને તે આવિર્ભાવ થઈ રહ્યો છે પણ તેનો આવિર્ભાવ એક પ્રભુના અવિભાજ્ય પાસાં તરીકે બની રહ્યો છે. એટલે કે પ્રભુ એક જ તત્ત્વ છે અને તેનું વિભાજન અને જુદાં જુદાં આવિર્ભાવોની શક્યતાને મૂળમાંથી જ નકારે છે. ફક્ત પરમ પ્રભુ એક જ છે અને તેનું વિભાજન

શક્ય ન હોય જીવાત્મામાંથી જીવ શક્ય નથી. તેથી તે સિદ્ધાંતને કેવળ અદ્વૈત એવા નામથી ઓળખાય છે.

વળી વેદાંતની મીમાંસાની બીજી શાખા છે તે જીવના જુદાં અસ્તિત્વનો સ્વીકાર કરે છે પરંતુ આ જુદા અસ્તિત્વને કોઈ પ્રકારની સ્વતંત્રતા આપવામાં આવેલી નથી. તેથી 'જીવ' પણ જીવાત્મા'ના પૂર્ણ તાબા હેઠળ હોય છે તેવો ભાસ ઉભો થાય છે અને માનવ મૂળ જીવાત્મા સાથે જ એકરૂપ થવા પ્રયત્ન કરે છે. આ છે વેદ મીમાંસાની કલ્પના.

વળી વેદાંતની ત્રીજી મીમાંસા જણાવે છે કે પ્રભુના આવિર્ભાવની ઘટના વાસ્તવિક છે અને તે મુજબ પ્રભુ પ્રગટ પણ થઈ રહ્યો છે. પ્રભુના આવિર્ભાવની પ્રક્રિયા સત્ય અને સનાતન છે, તેથી માયારૂપ નથી. આ કારણે જ જીવાત્માને અવાસ્તવિક અથવા તો અસત્ કહી શકાય નહિ.

મૂળભૂત રીતે વેદાંતની કલ્પના અદ્વૈત પર આધારિત છે. પરમ પ્રભુ અને 'જીવાત્મા' એક જ છે અને જો જીવ તરીકે હોય તો પણ તે શક્ય નથી. કારણકે સૃષ્ટિનું એકમેવ તત્ત્વ પ્રભુ જ છે. અને યદા કદાચિત જીવનું અસ્તિત્વ લાગતું હોય તો પણ જીવ સ્વતંત્ર નથી પરંતુ તેનું ચાલક બળ એકમેવ પરમ પ્રભુ જ છે.

જ્યારે દ્વૈત સિદ્ધાંત જીવને સ્વતંત્ર તત્ત્વ તરીકે સ્વીકારે છે અને આ સૃષ્ટિ આવિર્ભાવની પ્રક્રિયામાં ત્રણ મહત્ત્વના પાસાં છે. તે ઈશ્વર, જીવ અને પ્રકૃતિ એમ જણાવે છે. એટલે કે મૂળભૂત એક જ પરમ ચેતનાના જ આ ત્રણ પાસાં છે અને ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં જુદાં જુદાં સ્વરૂપે અનુભવાય છે. આ જુદાં જુદાં હોવા તે જ દ્વૈત સિદ્ધાંતનો મૂળભૂત પાયો છે. દ્વૈત સિદ્ધાંતમાં પ્રકૃતિની પણ કલ્પના છે. પરમ ચેતનાના શક્તિ પાસાંને દ્વૈત સિદ્ધાંતમાં માન્યતા છે.

જેમ કોઇ પુષ્પ આખું જોઈએ તો એક જ લાગે, પરંતુ આ સંપૂર્ણ પુષ્પને દરેક પાંદડીઓથી જોઈએ તો અલગ અલગ હોવા છતાં એક જ છે તેવું લાગે. દૃષ્ટિ-ભેદને કારણે આ બંને કલ્પનાઓ અધ્યાત્મ જગતમાં આગળ આવી છે. શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં આ બંને કલ્પનાનો સમન્વય સાધીને સાધકે પોતાની સાધનાને દોરવાની હોય છે. પોતાની પ્રકૃતિને બંને સમન્વયની નીક બનાવાની હોય છે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# ઉષાનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૬૦-૧૬૫)
પ્રકરણ -૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ઉષા આપે છે તે આંતર-પ્રેરણાનાં આંતર-સ્વરૂપ વિષે વિશેષ માહિતી આપતા મન્ત્રો પણ છે. તેને માટે કેતુ શબ્દ વાપરે છે. 'કેતુ'નો સ્થૂળ અર્થ છે પૂંછડિયો ભાગ, નિમ્ન ભાગ. દા.ત. રાહુ અને કેતુ. આપણને જે આંતરપ્રેરણા મળે છે તેનો અંતિમ ભાગ છે સમજણ શક્તિ. વિવેચન શક્તિ. સ્પષ્ટ સમજણ સ્વરૂપ. વિવેચન સ્વરૂપ, સ્પષ્ટીકરણ સ્વરૂપ તે હોય છે. તેથી કેતુનો અર્થ અહીં માનસિક પૂરેપૂરી સમજણ અથવા વિવેચન એમ લઈ શકાય. 'પ્રચેયતિ કેતૂના' આ વિશેષણ સરસ્વતી માટે વપરાયું છે. સરસ્વતી જે અંતે પૂરેપૂરી સમજણથી ચેતનાને ભરી દે છે. સમજણ આ પ્રકાશસ્વરૂપ ગણેલી હોવાથી પર્યાયે કેતૂનો અર્થ સમજણનો પ્રકાશ એમ થાય છે. આ સમજણનો પ્રકાશ સનાતન પરમ ચેતનાનું જ્ઞાન અંતે આપે છે, તેથી અમૃતસ્ય કેતુઃ (૩-૬૧-૩) કહેવામાં આવે છે.

વેદોમાં 'દુરિતમ્' અને સુવિતમ્' બંને વિરોધી શબ્દો પણ વપરાયેલાં જણાય છે. આ સમજણનો પ્રકાશ દુરિતમ્‌નો નાશ કરે છે અને સુવિતમ્‌ને લાવે છે. દુરિતમ્‌નો અર્થ છે ખરાબ કે ખોટી ગતિ અર્થાત્ અજ્ઞાનમય અવસ્થા. જેમાં અનિષ્ટ, પાપ, પ્રમાદ, વિપત્તિ, દુઃખ, યાતના બધાંનો સમાવેશ થયા છે.

સુવિતમ્‌નો અર્થ છે સારી અને સાચી ગતિ. તેમાં સુંદરતા, સત્ય, સુખ, આનંદ, સન્માર્ગનો સમાવેશ થાય છે. ઉષાને વિશ્વમાંના દુરિતમ્ સ્વરૂપ

અંધકારને નાશ કરનારી દર્શાવેલ છે. (વિશ્વા તમાંસિ દુરિતા) તે સાચી ગતિ આપીને (સુનૃતાનામ્) આનંદ પ્રત્યે લઈ જાય છે - (એષા નેત્રી રાધસઃ સુનૃતાનામ્)

આનંદને રત્નમ્, મયં, રાધં, ધૃતં; આવા શબ્દોથી વ્યક્ત કરવામાં આવેલ છે, તેથી ઉષાને 'રાધઃ' પણ કહે છે.

ઉષાને વીરવત્ પણ કહેલ છે. વીરનો અર્થ દિવ્ય બળોથી યુક્ત. અર્થાત્ દુરિતમ્ - અંધકાર સામે વીરતાથી લડતાં દિવ્ય તત્ત્વોથી યુક્ત.

ઉષાનો શરૂઆતનો પ્રકાશ અરુણ દર્શાવેલ છે (રતુમડો) પણ અંતે તે હિરણ્યં, સોનેરી પ્રકાશમય બની જાય છે.

ઉષા માટે નીચેની સ્તુતિ ઘણું ઘણું કહી જાય છે :

દેવાનાં ચક્ષુઃ સુભગા વહન્તી, શ્વેતં નયંતી સુદૃશી કમશ્વામ્।

ઉષા અદર્શિ રશ્મિભિર્વ્યકતા ચિત્રામઘા વિશ્વમનુ પ્રભૂતા॥

દેવોની દર્શનાશક્તિ રૂપ આંખો સ્વરૂપ, (દેવાનાં ચક્ષુઃ) સુખમય જીવન લઈ આવતી (સુભગા વહન્તી), શ્વેત વિશુદ્ધ પ્રકાશને કારણે અનુભવાતી (શ્વેતં નયંતી સુદૃશીકમ્), વિશ્વ શક્તિઓને આપનારી (અશ્વામ્) સમજણના પ્રકાશથી પ્રગટ થતી (રશ્મિભિર્વ્યકતા), વિવિધ વસ્તુઓમાં પોતાને અવતરણ કરાવતી (ચિત્રામઘા) ઉષા નજરે પડે છે. (ઉષા અદર્શિ) તે વિશ્વને સમૃદ્ધ કરે છે (વિશ્વમનું પ્રભુતા)

વિશ્વશક્તિ આપનારીના અર્થમાં ઉષાને 'અશ્વદા' પણ કહી છે. આનંદ-સોમને આપનારી એ અર્થમાં 'સોમસુત્વા' પણ કહી છે.

સારાંશ, આ ઉષા આંતર-ઉષા છે. તે પરમ-ચેતનાના પ્રકાશનું નિમ્ન ચેતનામાં અવતરણ પામી ઉગી નીકળવાની પ્રક્રિયા સ્વરૂપ છે.

દિવ્યશક્તિઓ પ્રકાશ સ્વરૂપ છે અને તેનો ઉગમ ઉષા હોવાથી ઉષાને બૃહદારણ્યક ઉપનિષદમાં 'અશ્વનું શિર' કહ્યું છે.

ઉષાને શ્રવસ્ આપનારી પણ જણાવેલ છે. શ્રવસ્ એટલે આંતરશ્રવણ શક્તિ અર્થાત્ શ્રુતિ. દા.ત. દીર્ઘ શ્રુતમમ્ (૭-૮૧-૫) અર્થાત્ ખૂબ જ ચોક્કસાઈ પૂર્વકની આંતરશ્રવણ ક્રિયાથી યુક્ત. તેને રવિ શ્રવસ્યુમ્ (૭-૭૫-૨) કહી છે. જેનો અર્થ છે

સ્વર્ગમાંથી આવતું આંતરશ્રવણ સ્વરૂપ.

સારાંશ, ઉષાને માટે વાપરેલાં બધાં વિશેષણો ઋતમ્‌માંથી આવેલાં છે. જે ઋતમ્‌માં છે તે જ ઉષા મારફત પ્રગટ થવાની શરૂઆત કરે છે. ઉષા ઋતાવરી છે, ઋત્‌ને ધારણ કરનાર છે. તે જ તેની ક્ષમતા અન્ય બધી જ ક્ષમતા અને વિશેષતાઓની જનેતા છે.

એકંદરે ઋતમ્‌ની પ્રથમ અભિવ્યક્તિ એટલે જ ઉષા છે એમ કહી શકાય છે.

ઉષાનો અને વેદમાંના 'સપ્તઆપાઃ' - સપ્ત નદ્યાઃ । સપ્ત ધેનવાઃ નો નજીકનો સંબંધ છે. કારણ 'અપ્‌'નો અર્થ 'ગતિ' કરવી એવો છે (દા.ત. અપસર્પન્તુ = આઘા જાઓ). પ્રકાશ અને પાણી બંને ગતિ કરનારાં છે. પ્રકાશનું પ્રતીક ધેનુ પાણીનો અર્થ 'આપાઃ'. ઉષાનો સંબંધ પ્રકાશ સાથે છે અને નદીનો સંબંધ પાણી સાથે છે. વળી વેદોમાં પાણીને જ ધેનુ કહ્યું છે 'સપ્ત ધેનવઃ આપઃ' તેથી તે શબ્દ પણ સાથે જ જોડાઈ જાય છે.

'અપ્‌' શબ્દનો બીજો પણ અર્થ છે - 'નિર્માણ થવું'. અપત્ય શબ્દ અર્થાત્‌ બાળક આ જ અર્થમાં ઉપયોગમાં લેવાય છે. પરમ-ચેતનામાંથી પાછળથી જે બધું નિર્માણ થયું તે બધાં તેના અપત્ય છે અર્થાત્‌ તેઓ 'આપ' છે. તેમાંથી નિર્માણ થયેલાં છે.

વેદોમાં બીજો એક શબ્દ આવે છે તે છે સપ્તગુ-સાત કિરણોવાળો. પરમ-ચેતનાના પ્રતીક તરીકે સૂર્ય શબ્દ વેદોમાં વાપરવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં પણ સૂર્યને આત્માકારક અને ચંદ્રને મનનો કારક ગ્રહ ગણેલો છે.

જે પરમ-ચેતના છે તેને અદિતિ કહેવાય છે, કારણ (૧) તેના જેવું બીજું કોઈ તત્ત્વ નથી તે અદ્વિતીય છે, તેથી અદિતિ (૨) અદ્‌નો અર્થ ગળી જવું (અદ્‌ ભક્ષણે) થાય છે. પાછળથી નિર્માણ થયેલાં બધાં જ તત્ત્વો આ પરમ-ચેતનામાં જ અંતે વિલીન થઈ જાય છે. મૂળ-ચેતના તેને ગળી જાય છે. તેથી પણ અદિતિ.

સૂર્યના પ્રકાશમાં સપ્તરંગી કિરણો છે તેથી તે સાત કિરણોવાળો છે. તેમ આ પરમ-ચેતનાના પ્રકાશમાંથી જ સપ્તલોકો રચાયા છે. આ સપ્ત લોક જે તેનાં સાત કિરણો છે, તેથી પરમ-ચેતના પણ સપ્ત કિરણોવાળી તેથી સપ્તગુ.

# કુટેવોને કેવી રીતે બદલશો ?

પ્રકરણ - ૨૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 121)

આપણે જીવન કેવું હોવું જોઈએ તે બાબત બુદ્ધિથી ઘણું બધું જાણતા હોવા છતાં વર્તનમાં અને જીવનમાં તેને લાવી શકતા નથી. દા.ત. વહેલા સુવું, વહેલા ઊઠવું, સત્ય બોલવું, ક્રોધ કે ઈર્ષા ન કરવી, સ્વચ્છતા જાળવવી, વસ્તુઓની વ્યવસ્થિત જાળવણી કરવી, પ્રિય બોલવું, ટીકા ન કરવી, પ્રામાણિક રહેવું, નિયમિતતા જાળવવી, સમયસર ખાવું - પીવું, ચોરી ન કરવી વગેરે વગેરે.

ફક્ત આપણા જીવન તરફ દૃષ્ટિ કરો અને જણાશે કે પોતે જ આ સિદ્ધાંતોને અનુસરતા નથી. આ બધું કાંઈ આપણી પોતાની જ કમાણી નથી હોતી. વારસામાં પણ મળે છે. તેમાં કુટુંબ, જ્ઞાતિ, સંસ્કૃતિ, ધર્મ વગૈરેનો વારસો પણ આવી જાય છે. આ બધું અજાણતા જ આપણને મળેલું હોય છે. અવચેતનમાં ધરબાઈને પડેલું હોય છે. અનુકુળ પરિસ્થિતિ સર્જાતા જ ઉછળીને બહાર આવે છે.

આ સિવાય ખરાબ મિત્રોની સોબત, ખરાબ પુસ્તકોનું વાંચન, નાટકો, પિકચર, રેડીયો, ટી.વી., જાહેરાતો આ દ્વારા પણ આપણને સતત કુટેવો પડતી જ હોય છે.

અવચેતન ઉપર આપણું નિયંત્રણ જરા પણ ન હોવાથી આવી કુટેવોના મૂળીયા કાપી નાખવા અઘરાં હોય છે. તેથી જ માણસનું ચરિત્ર બદલવું અશક્ય અથવા અઘરું છે એમ કહેવામાં આવે છે. જન્મજાત પ્રકૃતિ બદલવી અશક્ય છે એમ લાગે છે.

પણ આ સંપૂર્ણ સત્ય નથી. પ્રકૃતિ બદલવી અઘરી જરૂર છે પણ અશક્ય તો નથી જ.

કુટેવોને જો પ્રગટ જ ન થવા દેવામાં આવે તો તેઓ પોતાની તાકાત ગુમાવતા

જાય છે. આ એક સત્ય છે. કુટેવો, વિચારો, ભાવનાઓ, પ્રેરણાઓ, આવેગો અને પ્રત્યક્ષ કૃતિ દ્વારા પ્રગટ થતી હોય છે. આ બધા સ્તરે જ તે પ્રગટ થતાં જ તેનું નિવારણ કરવું જરૂરી છે. પંતજલી પોતાની યોગ પદ્ધતિમાં જણાવે છે કે આવા કુસંસ્કારો જેને તે કલેષ અર્થાત્ અશુદ્ધિઓ તરીકે ગણે છે. તેના પ્રગટીકરણને નિવારવા તેના વિરુદ્ધની ભાવના, વિચાર, પ્રેરણા, આવેગ કે કૃતિને નિર્માણ કરો. તેને તે 'પ્રતિપક્ષ ભાવનમ્' અથવા 'વિપરીત ભાવના' કરવી એમ જણાવે છે. તેથી મૂળ કુટેવનું જોર જ ભાંગી પડે છે. દા.ત. ગુસ્સો આવે તો શાંત રહેવાનો વિચાર કરતા જ ગુસ્સાનો આવેગ ભાંગવા માંડે છે. અસત્ય બોલવાની ટેવ સામે સાચા બોલવાનો જ આગ્રહ રાખતા ધીમે ધીમે તે ટેવ ભાંગી પડે છે.

બીજું, ફક્ત વાંઝણો પશ્ચાતાપ કરવાથી કુટેવ બદલાતી નથી. પોતાને હીન લેખવાથી પણ તે બદલાતી નથી. ફક્ત મૌનમાં દૃઢ સંકલ્પ કરો અને તે મુજબ જ વર્તન કરવાનો આગ્રહ રાખો.

'માણસ માત્ર ભુલને પાત્ર' આવી મનને સમજૂતિ આપી કુટેવો તરફ દુર્લક્ષ્ય કરવું તો ખુબ જ હાનિકારક છે. બુદ્ધિ આવી ખોટી વકિલાત કરવામાં ચતુર હોય છે. વિવેક બુદ્ધિને જાગૃત રાખશો તો આ ચતુરાઈ પકડાઈ જશે. બુદ્ધિ બીજી એક ચતુરાઈ કરે છે, ''મેં પ્રામાણિક રીતે કુટેવો છોડવાનો શક્ય એટલો બધો જ પ્રયત્ન કર્યો. છતાં કુટેવ જતી જ નથી. તેથી મારે તે બોજ અને નબળાઈ જીવનભર ખમવી જ પડશે.''

આ પ્રકારમાં આ તો ફક્ત બુદ્ધિનું બહાનું માત્ર છે. કોઈ માણસ પોતાની પૂરેપૂરી ક્ષમતા વાપરતો જ નથી. કહે છે કે વિચક્ષણ માણસ પણ તેને આપેલી ક્ષમતનો ફક્ત દસમો ભાગ જ વાપરે છે નેવું ટકા ક્ષમતા વણવપરાયેલી જ પડી હોય છે.

આપણું ચારિત્ર્ય આ ઘડતર સમયે પડેલી ટેવ સિવાય કાંઈ નથી. કોઈ પણ ટેવ પાડી પણ શકાય છે અને ત્યાગી પણ શકાય છે. આવા ટેવરૂપ ઘડતરો કે સ્વભાવ વિશેષતાઓને દૃઢ સંકલ્પથી બદલી શકાય છે. મૃત્યુ અને રોગ પણ આવી ટેવ માત્ર જ છે એમ શ્રી અરવિન્દ જણાવે છે. જો દિવ્યપ્રકાશ કોષોમાં સ્થિર થાય તો આ બધી ટેવો સંકલ્પબળે ભાંગી શકાય છે. તેથી કુટેવ ભાંગવી અશક્ય છે, એ વિચારને કોઈ વખત મનમાં સ્થાન આપતા નહિ. કુટેવોમાંથી મુક્તિ એ દિવ્ય-શરીર બનાવવાની ખૂબ જ પ્રાથમિક શરૂઆત માત્ર છે એ ધ્યાનમાં રાખશો.

# સત્યનો જ વિજય થાય છે

પ્રકરણ - ૪

એક ગામમમાં બે મિત્રો રહેતા હતા. નામે બુદ્ધિબલ અને હીનબલ. બુદ્ધિબલ પોતાની બુદ્ધિ સારા કામમાં વાપરે જ્યારે હીનબલ ખરાબ કાર્યમાં. બન્ને હતા મહેનતુ.

એક દિવસ હીનબલે બુદ્ધિબલને કહ્યું, ''બુદ્ધિબલ ચાલને, આપણે શહેરમાં જઈને ધંધો કરીએ અને વધુ કમાઈએ.'' બુદ્ધિબલે સંમતિ આપી. બન્ને ઉપડ્યા શહેર ભણી.

બુદ્ધિબલ આયોજન કરે. હીનબલ મહેનત કરે. બન્ને પાંચ વર્ષમાં તો ઘણું કમાયા. પછી બન્નેને ઘરે પાછા આવવાનો વિચાર આવ્યો. ધંધો સમેટીને તેમણે ધન એકઠું કર્યું અને ગામડે જવા રવાના થયા.

એક જંગલમાંથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે હીનબલની કુબુદ્ધિ કામ કરવા લાગી. કેમ કરીને બુદ્ધિબલનું ધન ખંખેરી લઉં. તેને એક યુક્તિ સૂઝી. તેણે તરત તેનો અમલ કરવાનો નિર્ણય લીધો.

તે બુદ્ધિબલને બોલ્યો, ''ભાઈબંધ, આ ગામમમાં જઈશુ એટલે સગાસંબંધિ આપણી પાસે ઉછીના પૈસા માંગશે. પાછા નહિ આપે. તેથી આપણે એમ કરીએ કે અરધું ધન આ જંગલમાં દાટી દઈએ અને અરધું જ લઈ જઈએ. લોકોને કહીએ, ''જુઓ આટલું જ કમાયા.'' બુદ્ધિબલ સંમત થયો.

બન્નેએ એક વૃક્ષ ઉપર નિશાની કરી તેના થડ પાસે સાથે જ પડખે પડખે ધન દાટ્યું અને બાકીના ધન સાથે ગામમાં આવ્યા. તે જ રાત્રે હીનબલે જંગલમાં જઈને બન્નેનું ધન કાઢી ઘરભેગું કરી દીધું.

બન્નેએ નવો અલગ અલગ ધંધો શરૂ કર્યો. થોડા દિવસો બાદ હીનબલ બુદ્ધિબલ પાસે ગયો અને ધંધા માટે પૈસાની ખેંચ છે તેથી જંગલમાં દાટેલું ધન કાઢી આવવાની વાત કરી. બુદ્ધિબલે સંમતિ આપી.

બન્નેએ રાત્રે જઈ નિશાની વાળા ઝાડના થડ પાસે ખોદ્યું તો ધન ગાયબ !

હીનબલની કમાન છટકી. બોલ્યો, ''બુદ્ધિબલ તે મિત્રને ધોકો દીધો છે. આપણે કમાયા તેમાં પણ મહેનત મારી પાસે વધારે કરાવેલી. મજૂરી મેં કરી અને કમાણીનો અરધો ભાગ તું લઈ ગયો. તું મારી પર સદા અન્યાય જ કરતો રહ્યો છે.'' બુદ્ધિબલે સંયમ રાખતા કહ્યું, ''ધર્મના સોગંદ, મેં ધન લીધું નથી અને હું નીતિથી જ ચાલ્યો છું.''

''હીનબુદ્ધિએ રાજા પાસે મિત્રના વિશ્વાસઘાતની ફરિયાદ કરી. કેસ ચાલ્યો. ન્યાયાધિશે પૂછ્યું, ''તમે ધન દાટ્યું તેનો સાક્ષી કોણ ?''

હીનબલ બોલ્યો, ''પેલું નિશાનીવાળું વૃક્ષ.''

''શું તે સાક્ષી પૂરશે.''

'હા''

'તો ધન કોણ કાઢી ગયું તે પણ તે જાણતું હશે.''

''હા, જરૂર જાણતું હશે.''

''તો કાલે તેની સાક્ષી જંગલમાં જઈને તપાસશું.''

''ભલે''

રાત્રે હીનબલે પોતાના ઘરડા બાપને તે નિશાનીવાળી ઝાડના બખોલમાં સંતાડી દીધા અને સાખ શું પુરવાની તે પણ પોપટની જેમ પઢાવી દીધું.

બીજે દિવસે વૃક્ષને ન્યાયધિશે પૂછતાં ઝાડે ધન દાટ્યાનો અને પછી બુદ્ધિબલે રાત્રે જ ધન લઈ ગયાનો એકરાર કર્યો.

ન્યાયધિશે બુદ્ધિબલને દોષી ઠરાવી શિક્ષા જાહેર કરવાની તૈયારી કરી ત્યારે બુદ્ધિબલે વૃક્ષની ઉલટ તપાસ કરવાની મંજૂરી માગી. ન્યાયધિશે આપતાં જ બુદ્ધિબલે વૃક્ષના થડ પાસે ઝાંખરા ગોઠવ્યા અને વૃક્ષને કહ્યું વૃક્ષદેવ, સાચું બોલજો નહિ તો હું આ ઝાખરાં સળગાવી તમને બાળી નાખવાનો છું. તેણે ભડકે બળતી મશાલ ઝાંખરાને ચાંપતો હોય એમ મશાલ ઝાંખરા પાસે લઈ જઈને પૂછ્યું, ''વૃક્ષરાજ, બોલો ધન કોણ લઈ ગયું ?

ત્યાં તો ડરનો માર્યો હીનબુદ્ધિનો બાપ બખોલમાંથી બહાર નીકળ્યો અને દોડતો બહાર આવ્યો. તેણે બધી હકીકત જણાવી.

ન્યાયધિશે બુદ્ધિબલને ખૂબ બિરદાવ્યો.

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# પ્રાણશક્તિનું સ્વરૂપ

પ્રકરણ - ૩૪

(ખંડ-૨, પૃ.૧૭૧-૧૭૫)

(૧૩-૮-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સત્-ચિત્-આનંદમાંનું ચિત્-પાસુ જ આવિર્ભાવની પ્રક્રિયામાં પ્રાણશક્તિ તરીકે પ્રગટ થએલ છે. દરેક તત્ત્વને સક્રિય કરવામાં પાછળ પ્રાણ-શક્તિ રહેલી છે. ચિત્-તત્ત્વ સર્વવ્યાપી હોવાથી તેની ઝાંખી જ્યારે વ્યક્તિને થાય છે ત્યારે તેને ‘ચિદાકાશ’ કહે છે. આકાશ જેવી નિરાકાર, અસીમ ચેતનાનો અનુભવ એટલે ચિદાકાશ. પ્રાણ આપણા ચિત્ત દ્વારા આપણા સ્વરૂપમાં પ્રગટ થાય છે, વિચારો, ભાવનાઓ, ક્રિયાઓની ગતિ પાછળ પ્રાણ-શક્તિ જ છે.

આ પ્રાણ શક્તિ મન દ્વારા, ચિત્ત દ્વારા અને શરીર દ્વારા કાર્ય કરે છે. તેમને જ મનોમય પ્રાણ, શુદ્ધ પ્રાણ અને શારીરિક પ્રાણ કહેવાય છે.

શરીરમાં તે જ્યારે શારીરિક પ્રાણ તરીકે કાર્ય કરે છે ત્યારે તે શરીરને બળ આપે છે અને આરોગ્ય જાળવે છે. તેથી જ ઉપનિષદો જણાવે છે કે પ્રાણ જ શરીરને ગતિ આપે છે. આ શારીરિક પ્રાણ ખૂબ જ મહત્વનો છે તે ઉચ્ચતર શક્તિઓને શરીરમાં જ્ઞાનતંતુઓ દ્વારા અવતરણ કરાવે છે અને શરીર તે ઉચ્ચતર શક્તિઓનો સ્પર્શ મેળવે છે અને પ્રત્યુત્તર આપે છે. દા.ત. સંગીતની ક્ષમતા કુશળ આંગળીઓના પ્રત્યુત્તર સિવાય પ્રગટ થવી શક્ય નથી. આમ આંતરિક અને બાહ્ય સ્વરૂપને જોડનાર આ શારીકિ-પ્રાણ છે. વિચારોને ભૌતિક સ્તરે વાણી મારફત પ્રગટ થવા જેમ સ્વરપેટીની જરૂર છે તેવું જ આ છે. મગજનું મહત્વ જ આ છે. તે આંતરસ્વરૂપ અને બાહ્ય સ્વરૂપનું મિલન સ્થાન છે. તે ફયુઝ

જેવું કામ કરે છે. વિચાર મગજ દ્વારા જ ભૌતિક સ્તરે પ્રગટ થાય છે.

શરીરની પોતાની એક સ્વતંત્ર ચેતના છે. તેને શારીરિક ચેતના કહે છે. શરીરના કોષોનાં કેન્દ્રમાં પણ તે જ ચેતના હોય છે તે કોષોનું સંચાલન કરતી હોય છે. તે ચેતના દ્વારા જ અતિમનસ શરીરની કાળજી લે છે. દા.ત. શરીર પોતે જ તેણે શું ખાવું જોઈએ તે સમજી શકે છે પણ તેમાં પ્રાણ અને મનની દખલગીરી અવરોધો નિર્માણ કરે છે.

પણ ઉત્ક્રાંતિમાં થાય છે તેમ, તે શરીરની ક્ષમતાને આપણે ગુમાવી દીધી છે. પ્રાણીઓમાં હજી કામ કરતી દેખાય છે. માનવની પસંદગી નાપસંદગીને કારણે તે ક્ષમતા કામ કરતી બંધ થઈ જાય છે.

શિષ્ય : શું આ ગુમાવેલી ક્ષમતા પ્રાપ્ત કરી શાય છે ?

શ્રી અરવિન્દ : પૂરેપૂરી તો નહીં જ. પણ મોટા પ્રમાણમાં તેને ફરી પ્રાપ્ત કરી શકાય. જો તે માટે યોગ્ય અભ્યાસ અને પરહેજી પાળવામાં આવે તો પ્રાથમિક માનવની ઘણી ક્ષમતાઓ જે આપણે ગુમાવી બેઠા છીએ, તે ફરી પ્રાપ્ત કરી શકાય.

શિષ્ય : આજનું વિજ્ઞાન અને તબીબી જ્ઞાન પણ આ વાતનો સ્વીકાર કરે છે. તે મુજબ જઠરે પચાવેલ અન્નમાંથી પાચક રસો જુદાં પાડ્યા પછી તે રસોને શારીરિક કોષો શોષી લઈ પોષણ મેળવે છે. જો તે મુજબ જ વિષ લોહીમાં પ્રવાહિત થાય તો કોષો તેને સ્વીકારવાનું નકારી સંકોચાઈ જાય છે. આને મેડીકલ સાયન્સમાં કોષોની પસંદગી મુજબ આત્મસાત્ કરવાની ક્ષમતા કહેવામાં આવે છે. પશુઓ ઝેરી વનસ્પતી આ કારણે જ ખાતા નથી. તેઓ ગંધથી ઓળખી લે છે.

શ્રી અરવિન્દ : તેને જ હું શારીરિક-ચેતનાનું કાર્ય કહું છું. પણ માનવની ઉત્ક્રાંતિમાં શારીરિક ચેતનાના ભોગે પ્રાણમય-ચેતના વિકાસ પામી છે અને પ્રાણમય ચેતનાના ભોગે મનોમય-ચેતના વિકાસ પામી છે. બળશાળી ચેતના નિમ્ન-ચેતનાને દબાવી છે.

પણ ઉત્ક્રાંતિનો બીજો પણ એક માર્ગ છે. મનસ્તત્વે જો પ્રાણમય અને શારીરિક ચેતનાને પૂરેપૂરી વિકસાવી તેમને ઊર્ધ્વગામી કર્યા હોત તો તેણે જે સિદ્ધિ મેળવી છે તે કરતા કેટલી એ ગણી સિદ્ધિઓ તે મેળવી શકત. તે માટે તેણે પણ ઉર્ધ્વગામી થવાની જરૂર હતી પણ તે અધોગામી વધારે બન્યું.

શિષ્ય : શું કલામય સર્જન ચેતનાને ઉર્ધ્વગામી કરે છે ?

શ્રી અરવિન્દ : તે લગભગ પ્રાણમય કક્ષાનું સર્જન હોય છે. કારણ કલાકાર તેને પસંદ પડેલું જ તેમાં પ્રતિબિંબિત કરે છે. તેમાં શૈલી, ભાષા, લયબદ્ધતા આવા પ્રકારો આવે છે. પણ કલાસર્જન કોઈપણ ભૂમિકાનું હોઈ શકે છે, ફક્ત પ્રાણમય નહી. કારણ તેનું મૂળ સ્થાન 'આનંદ' છે. આ આનંદ જે સ્તરે પ્રગટ થાય તે સ્તરની કલા રચાય છે. ઘણા આદર્શવાદીઓ ફક્ત માનસિક કલ્પના રાજ્યો જ રચે છે. તેઓમાં પ્રાણશક્તિ નબળી હોય છે.

શિષ્ય : સ્મૃતિ શક્તિ માનસિક શક્તિનો પ્રકાર છે ?

શ્રી અરવિન્દ : સ્મૃતિ દરેક ચેતનાની કક્ષાએ હોય છે. વળી તે સભાન અને અભાન બન્ને સ્થિતિમાં પણ હોય છે. ફક્ત માનસિક સ્તરની જ નહીં, જેમાં રસ પડે તે જ યાદ રહે છે. રસ એ પ્રાણનું કાર્ય છે. તેથી લગભગ પ્રાણ જ બધું સ્વીકારતો હોય છે અને તેને અવચેતનમાં ધકેલી દે છે. ત્યાં તે સચવાઈ રહે છે. આનું એક ઉદાહરણ એક ફ્રેન્ચ સંશોધકે આપેલ છે. તે હિબ્રુભાષાનું સંશોધન કરતો હતો. ત્યારે એક યુવાન નોકરાણી ઘરકામ કરતાં તે સાંભળતી. હિબ્રુ સમજતી જ નહોતી પણ ચિત્ર-વિચિત્ર અવાજમાં તેને રસ પડતો. પછી ક્યારેક તે બરાબર તે મુજબ જ શબ્દોચ્ચાર કરીને તે ફ્રેન્ચને સંભળાવતી. અવચેતનને સ્મૃતિ છે જ.

આ આપણા સ્વરૂપનું પૃથ્થકરણ સમજવાની સગવડતા ખાતર છે. વાસ્તવિક જીવનમાં તે બધી સેળભેળ અવસ્થામાં જ જણાય છે. તે જટીલ અસ્તિત્વ હોય છે. દરેક તત્ત્વ ઊર્ધ્વતમ તત્ત્વથી નિમ્નતમ તત્ત્વમાં મળીને કાર્ય કરી શકે છે એ હકીકત છે.


**રાજકોટ કેન્દ્રનું નવું પ્રકાશન**

**પૂર્ણયોગની પ્રાર્થનાઓ** - લે. માનસિંહ ચાવડા

હાર્ડ બાઉન્ડ, પૃ.૪૪૮ - કિંમત : ૩૫૦/-

સદર ગ્રંથમાં શ્રી માતાજીની પ્રાર્થનાઓ અને શ્રી ધ્યાનમાંથી, ૨૧૦ પ્રાર્થનાઓના અંશોનું શ્રી માતાજીએ પોતાના વાર્તાલાપોમાં અથવા શ્રી અરવિન્દે આપેલા સ્પષ્ટીકરણોના આધારે વિવરણ કરેલું છે. પૂર્ણયોગની સાધનાનું અંતરંગ દર્શાવતો સદર ગ્રંથ છે. - ટ્રસ્ટી મંડળ

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## પ્રેમની ઝંખના (૪૭)

પ્રકરણ - ૩૦
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૭૬-૮૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**જગતની વિરૂપ અને અશુભ વસ્તુઓમાં પ્રભુનું સૌંદર્ય અને શુભ તત્ત્વ અનુભવો અને તેની સાથે પ્રેમ કરો. અને છતાં એ વસ્તુઓમાં તેમની વિરૂપતા અને અશુભમાંથી મુક્ત કરવા માટે ખૂબ જ પ્રેમપૂર્વક ઝંખના કરતા રહો, સાચો સદ્‌ગુણ, નીતિ તે આ છે (૪૭)**

માતાજી, વિરૂપ અને અશુભ વસ્તુઓની વિરૂપતા અને અશુભતાને આપણે કેવી રીતે નિવારી શકીએ ? શું પ્રેમમાં તેવી શક્તિ છે ? તે કયા પ્રકારની છે ? અને શું વ્યક્તિરૂપ બનેલી ચેતના સમગ્ર માનવજાત ઉપર આવું કાર્ય કરી શકે ?

''બેટા, અશુભતા અને કુરુપતા હઠાવવાની અનેક પદ્ધતિઓ છે. થોડીક નકારાર્થી, થોડીક હકારાર્થી. નકારાર્થી પદ્ધતિમાં તમે મનને એટલું નિર્લેપ, અસ્પર્શ્ય કરી નાખો છો કે જગતની કુરુપતા કે અશુભતાનો તમારા મન ઉપર કોઈ પરિણામ જ થતો નથી. અને તેથી તમને તે વસ્તુઓની આ ઉણપો જણાતી જ નથી. આ જાણે પ્રાથમિક તૈયારીરૂપ હોય છે. આમાં અશુભ તત્ત્વનો ઉલ્લેખ જ કરાતો નથી, ટીકા કરાતી નથી, નિર્લેપતા અશુભત્વના પ્રભાવને નષ્ટ કરી નાંખે છે. આમાં અશુભત્વ પ્રત્યે માનવ જડ, સંવેદનહીન નથી હોતો પણ તેના પ્રત્યાઘાતોને નિર્માણ કરીને તે તેનો વાહક બનતો નથી. તમે તેના અશુભ પરિણામોમાંથી મુક્તિ મેળવો છો.

પણ આ પછી બીજો હકારાત્મક તબક્કો શરૂ થાય છે. તમે જગતના મૂળભૂત

'સત્' તત્ત્વને સર્વત્ર આવિર્ભાવ કરવા પ્રયત્નશીલ જુઓ છો, જ્યાં તે પ્રગટ થઈ શકતું નથી. ત્યાં જ અશુભત્વ, વિરુપતા જન્મે છે. તેથી આપણે તે સત્ તત્ત્વને સારી રીતે પ્રગટ થવા મદદરૂપ થવા માંડીએ છીએ. તે મદદથી આ બાહ્ય વિકૃતિઓ ધીમેધીમે ખરી પડે છે અને સત્ પોતાના 'સુંદરમ્' પાસાને પ્રગટ કરતું થાય છે. રૂપાંતરની પ્રક્રિયામાં મદદરૂપ થવું એ હકારાત્મક સહકારનો પ્રકાર છે.

આ વિરૂપતાને નષ્ટ કરનાર કયું તત્ત્વ છે ? તો તે પ્રેમ તત્ત્વ છે. તેમાં રૂપાંતર કરવાનું સીધેસીધું બળ છે. તે હિરક પ્રકાશમય છે. વિશુદ્ધિનું મૂર્તિમંત રૂપ છે. તેના સંપર્કમાં આવતા જ તમે સમગ્ર વિશ્વ સાથે એકરૂપતા સાધો છો. પ્રેમ એકરૂપતા આપે છે. જગતમાં એક પ્રેમનું જ મહા આંદોલન સમગ્ર જગતમાં ફરી વળીને આ ઉત્ક્રાંતિ કરાવી રહ્યું છે. એવો ભાવ જન્મે છે. જાણે વિશ્વનું એક હૃદય છે. તેમાં રહીને આ પ્રેમ પોતાને અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરી રહ્યો છે. તેના આવિર્ભાવની પ્રક્રિયામાં તમે મદદરૂપ થશો તો તરત તે વૈશ્વિક પ્રેમના માધ્યમ બની જાઓ છો. તમે અન્યને આ ભૂમિકા ઉપરથી મદદરૂપ પણ થઈ શકો છો. આવી વ્યક્તિ સાથેનો સંપર્ક જ તમને પ્રભુના કાર્યના માધ્યમ બનાવી મૂકે છે.

આ કાર્યના પરિણામ રૂપે જ જડ તત્ત્વમાં ઊર્ધ્વ ચેતનાઓ અવતરણ પામતી હોય છે. અવતારની ઘટના આ રીતે જ બને છે.

આ પ્રેમ નિર્માણ થતાં જ એક નિર્મળ એકાગ્રતા જેમાં અગાધ શાંતિ, પ્રસન્નતા અને સર્વ આત્માઓ સાથે એકરૂપ થવાની ક્ષમતા હોય છે. તે કાયમી સ્વરૂપે માનવ-ચેતનામાં સ્થાયી થઈ જાય છે. આવી વ્યક્તિ સાથે ઘણી વ્યક્તિઓ સભાન રીતે જોડાઈ જાય તો આ પ્રેમતત્વ પૃથ્વી ઉપર સક્રિય થવા અવતરણ કરે છે. આને 'કેન્દ્રિકરણ'ની પ્રક્રિયા કે છે. પણ તે માટે પૃથ્વીવાસીઓમાં સર્વ સાધારણ ગ્રહણશીલતા હોવી જરૂર છે. તે ન હોય તો તે અવતરણના માઠા અથવા વિકૃત પરિણામો આવે છે.

પ્રેમનું તત્ત્વ સમગ્ર જગતમાં સ્થિર થઈને પડેલું જ છે. જ્યારે કોઈ માધ્યમ તેને સંકલ્પબળે સક્રિય કરે છે, ત્યારે તે સક્રિય બની નિશ્ચિત ઠેકાણે દબાણ લાવી કાર્ય કરે છે. અને ત્યાં રૂપાંતરની પ્રક્રિયા શરૂ થઈને ત્યાંની વિરૂપતા નષ્ટ થાય છે.

# વૈદિક દેવતા

## ઇન્દ્ર

પ્રકરણ - ૬

ઈન્દ્ર બાબતના વેદોમાં ત્રણ આખ્યાનો છે. તે પૈકી ઉપરનું એક છે. આખ્યાનની પાછળનો ગૂઢ-અર્થ સમજી લેવો જરૂરી છે. તેવા જ બીજા બે આખ્યાન છે.

**૧) ઉમાહૈમવતી આખ્યાન :** અસુરો સામેના વિજયથી દેવો પોતાની ક્ષમતાઓ બાબત ગર્વ લેવા લાગ્યાં. તેથી પ્રભુની સર્જન શક્તિ રૂપ જગદંબા મા ઉમા દેવો સામે પ્રગટ થયાં. તેઓ સુવર્ણમય પ્રકાશથી ઝળહળી રહ્યાં હતા. તેથી તેઓ 'હેમવતી' કહેવાય છે. હેમ એટલે સુવર્ણ.

તેમણે એક તણખલું દેવો સામે મૂક્યું. તેનો નાશ કરવા કહ્યું. અગ્નિએ બાળી નાખવાનો, વાયૂએ ઉડાડી મૂકવાનો પ્રયત્ન કર્યો. પણ યશસ્વી ન થયાં. છેવટે ઈન્દ્ર આગળ આવ્યા. તેથી ઉમાહૈમવતી ગુપ્ત થઈ ગયાં. આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છે :

૧ પ્રભુનો સંકલ્પ હોય તો જ દેવો, દૈત્યો કે માનવો કાર્ય કરી શકે છે.

૨ ઈન્દ્ર આવતા જ મા ભગવતી અલોપ થઈ ગયાં, કારણ ઈન્દ્ર એટલે પ્રકાશમય મન. મન બ્રહ્મ કે તેની શક્તિને જાણી શકતું જ નથી. (ન મનસા મનુતે)

૩ પ્રભુની દિવ્ય-સર્જનશક્તિ જ જગતનું સંચાલન કરે છે અને તેને વિકાસના માર્ગે લઈ જાય છે. જેમ ઉમા હૈમવતીએ દેવોની ભૂલ સુધારી તેમને સાચા માર્ગે વાળ્યાં.

**૨) દધિચી આખ્યાન :** દધિચી દિવ્યપ્રકાશને શરીરમાં ઉતારવાની દેવયાન-પંથની સાધના કરતા હતા. દેવયાન એટલે પ્રકાશનો સાધના માર્ગ

તેઓ હિરક પ્રકાશને (વ્રજ) શરીરમાં ઉતારવાની સાધના કરી રહ્યાં હતાં. હાલમાં તેઓ હાડપિંજરમાં તે હિરક-પ્રકાશને સ્થિર કરવામાં યશસ્વી થએલાં.

તે જ સમયે વૃત્રાસુરે સ્વર્ગ ઉપર ચડાઈ કરી દેવોને હાંકી દીધાં. દેવો બ્રહ્મા પાસે ગયાં. બ્રહ્માએ જણાવ્યું કે દધિચીએ હાડકામાં હિરકપ્રકાશ સ્થિર કરેલો છે. તે પ્રકાશ સામે વૃત્રાસુર ટકી શકતો નથી. તેથી તે હાડકામાંથી વજ્ર બનાવીને ઈન્દ્ર વૃત્રાસુર સાથે યુદ્ધ કરી તેને હરાવે.

ઈન્દ્રે આ વાત દધિચીને કહી. તેમણે પોતાનો જીવન ત્યાગ કરીને હાડકાં આપ્યાં. ઇન્દ્રે તેમાંથી વજ્ર બનાવી વૃત્રાસુરનો વધ કર્યો.

દધિચીને જ દધ્યંગ અથર્વણ ઋષિ કહેતા દધ્યંગ એટલે જેણે પોતાના બધાં અંગો પ્રકાશથી બાળી નાંખી શુદ્ધ કરેલા છે. તેવા અથર્વણ ઋષિના વંશના હતા. જેમણે અર્થવવેદનું સંપાદન કર્યું.

આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છે.

(૧) હિરક પ્રકાશ (વજ્ર)એ જગન્માતાનો બ્રહ્મશક્તિનો મૂળ પ્રકાશ છે, તે અજેય છે.

(૨) વૃત્રાસુર એટલે સાધકના મન, હૃદય, શરીરને આવૃત્ત કરી મોહ પમાડતું અજ્ઞાન.

(૩) મા જગદંબા જ અંતે અજ્ઞાનનો નાશ કરે છે, દેવોને તે શક્ય નથી.

**ઈન્દ્રની ઉત્પત્તિ** - ઊર્ધ્વમાંનાં આત્માનો સર્વજ્ઞ પ્રકાશ જ્યારે મન ધારણ કરીને પ્રકાશમય મન બની જાય છે. ત્યારે આ વિવેક કરતા પ્રકાશમય મનને ઈન્દ્ર કહે છે. તેથી ઊર્ધ્વમાંનો આત્મપ્રકાશ જ (દ્યોઃ) ઈન્દ્રની માતા છે એમ વેદો જણાવે છે. (જનિતા મન્યત દ્યૌરિન્દ્રસ્ય)

**ઈન્દ્રના વિકાસના ચાર તબક્કા :** પ્રકાશમય મનરૂપી ઈન્દ્ર વિકાસ પામી પૂર્ણતા પ્રાપ્ત કરે છે તે સમગ્ર પ્રક્રિયાના ચાર તબક્કા વેદોમાં જણાવેલ છે જે નીચે મુજબનાં છે (૧) લબઐન્દ્રઃ (૨) વસુકઐન્દ્ર (પ્રતિભા) (૩) મેઘા (૪) પ્રજ્ઞા.

પ્રજ્ઞા એ પરમ-પ્રભુની જ્ઞાનશક્તિ અને સર્જનશક્તિ બન્ને છે. શ્રી અરવિન્દ તેને અતિમનસ જ્ઞાન અને અતિમનસ શક્તિ કહે છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(શ્રી અરવિન્દને સાધકોએ ૧૯૩૩થી ૧૯૩૬ દરમિયાન પૂર્ણયોગ વિષે જિજ્ઞાસા બુદ્ધિથી માર્ગદર્શનમેળવવા જે પ્રશ્નો પૂછેલાં તે પ્રશ્નો અને તેના શ્રી અરવિન્દે આપેલા જવાબોની વિગતો આ લેખમાળામાં આપવાનાં છીએ - તંત્રી)**

## અંતરનો સાદ અને તે માટેની સાધકની યોગ્યતા

પ્રકરણ - ૧

(પૃ. ૧-૩)

૧ પ્રશ્ન : પોતે યોગ કરવા લાયક છે એ વ્યક્તિ કેવી રીતે જાણી શકે?

જવાબ: તે જાણવાના અન્ય લક્ષણો નથી ફક્ત એક જ લક્ષણ છે. તમારા હૃદયમાં યોગ કરવાનું આકર્ષણ હોય તો તેને જ તમારા માટેનો પ્રભુનો સાદ સમજી આગળ વધવું જોઈએ.

૨ પ્રશ્ન : પણ યોગ વિષે જાણ્યા વગર યોગ કરવાનું આકર્ષણ કેવી રીતે નિર્માણ થાય?

જવાબ: કઈ રીતે, ક્યા પ્રકારની પ્રક્રિયાથી યોગ કરવાનું આકર્ષણ નિર્માણ થાય છે, એ જાણવાનું મહત્વનું નથી, મહત્વનું એ છે કે શું યોગવિષેનું આકર્ષણ તમે અનુભવો છો?

યોગ વિષે આકર્ષણ અનુભવવું એ જુદી વસ્તુ છે અને તે આકર્ષણ કેવી રીતે નિર્માણ થયું એ જાણવું જુદી વસ્તુ છે.

૩ પ્રશ્ન : આધ્યાત્મિકતાની શક્યતા પોતામાં છે એ કેવી રીતે ખબર પડે?

જવાબ : તે જાણવાની જન્મજાત ક્ષમતા ભાગ્યે જ કોઈકમાં હોતી હશે. આપણું આત્મતત્ત્વ જ, ચૈત્યપુરુષ જ, આપણને દિવ્યતા તરફ વાળીને આપણને જાણ કરે છે.

૪ પ્રશ્ન : શું મારામાં આત્મ-સાક્ષાત્કારની ક્ષમતાઓ છે ?

જવાબ : યોગમાર્ગમાં પોતાની ક્ષમતા ઉપર આપણે આધાર રાખવાનો નથી. જગન્માતાની શક્તિ ઉપર, પ્રભુની કૃપા ઉપર જ આધાર રાખવાનો હોય છે.

૫ પ્રશ્ન : પોતાની પ્રકૃતિની ખાસિયતોને અનુરૂપ યોગ-માર્ગ ન હોય તો મુશ્કેલીઓ ઉભી થાય છે. શું એ વાત સાચી નથી ?

જવાબ : વ્યક્તિને તો શરૂઆતમાં પોતાની પ્રકૃતિની ખાસિયતો અને યોગમાર્ગ બન્ને બાબતની ખબર હોતી જ નથી. તે અજ્ઞાની જ હોય છે. પણ આ બન્ને બાબતનો જાણકાર ચૈત્યુરુષ દરેક વ્યક્તિમાં હોય છે. તે જ યોગ કરાવીને આપણને જાણકારી આપે છે અને યોગ્ય માર્ગે વિકાસ કરાવે છે.

૬ પ્રશ્ન : ઘણી વખત વ્યક્તિને પોતાની અંદર પ્રભુનો સાદ અને તેમની પ્રાપ્તિની અભીપ્સા છે એવું લાગે છે. પણ પછી આ વસ્તુઓ અનુભવાતી જ નથી. શું તે વ્યક્તિ પોતાની પ્રકૃતિની ક્ષમતાઓ સમજવા માટે સક્ષમ નથી એમ સમજવું ?

જવાબ : પોતામાં જાગેલા પ્રભુના સાદને ન અનુસરવાથી અને તેને કારણે અભીપ્સામાં આવતી ઓટને કારણે આવી ઘટનાઓ બનતી હોય છે. પણ આ વસ્તુ પ્રાસંગિક હોય છે. કાલાંતરે ફરી પ્રભુનો સાદ સાંભળવાની અને અભીપ્સા જાગવાની શક્યતાઓ તો હોય જ છે. તેથી યોગમાં પોતાની ક્ષમતાઓને અંદાજવાની કે મહત્વ આપવાની સલાહ હું આપતો નથી. યોગ જગન્માતાની કૃપા અને સહાય વગર શક્ય નથી.

૭ પ્રશ્ન : સંપૂર્ણ પ્રકૃતિ શદ્ધ થયા વગર યોગની સાચી શરૂઆત થતી જ નથી એવી માન્યતા શું સાચી છે ?

જવાબ : ના, તે માન્યતામાં કોઈ તથ્ય નથી. યોગથી જ પ્રકૃતિની શુદ્ધિ થતી હોય છે. સારાંશ, પ્રકૃતિની સંપૂર્ણ શુદ્ધિ પહેલા જ યોગની શરૂઆત થઈ

ચૂકી હોય છે.

૮ પ્રશ્ન : જો પોતાની પ્રકૃતિમાંના અવરોધોને કારણે શ્રી માતાજી પ્રત્યે વ્યક્તિ સંપૂર્ણ ખુલ્લી ન થાય તો શ્રી માતાજી તેને નહિ સ્વીકારે એ શું સાચું છે?

જવાબ : શ્રી માતાજી પ્રત્યે થોડો ઘણો ઉઘાડ વ્યક્તિની પ્રકૃતિમાં હોય તો પણ શ્રી માતાજી તેને સ્વીકારી લે છે. તેને સહાય કરે છે, માર્ગદર્શન આપે છે પણ તેની યોગ-માર્ગમાંની પ્રગતિ અને સિદ્ધિ તેની પોતાની પ્રકૃતિના ઉઘાડના પ્રમાણમાં જ થતી હોય છે.

૯ પ્રશ્ન : નિમ્નપ્રકૃતિના અવરોધોને કારણે સાધકની સાધનામાં ગંભીર મુશ્કેલીઓ સર્જાય તો તે કપરી પરિસ્થિતિમાં શ્રદ્ધાથી ટકી રહી યોગસાધનાના માર્ગને વળગી રહેવા કઈ વસ્તુ મદદરૂપ થાય છે?

જવાબ : નિમ્નપ્રકૃતિનો સંપૂર્ણ ત્યાગ પોતાની તાકાત ઉપર કરવા કોઈ વ્યક્તિ સમર્થ નથી. સાધકે પોતાની અભીપ્સા ટકાવી રાખી નિમ્નવૃત્તિઓને નકારવાનો પ્રયત્ન ચાલુ જ રાખવો જોઈએ. જગન્માતાની સહાય જ સાધકને મદદરૂપ થાય છે.

૧૦ પ્રશ્ન : ગીતામાં કહ્યું છે કે હજારોમાંથી થોડાક જ પ્રભુની શોધ આદરે છે અને તે શોધ કરનારાઓ પૈકી કોઈક જ તેને પ્રાપ્ત કરી શકે છે. શું આ સાચું છે?

જવાબ : પોતાના બળના ભરોસે જ યોગ સાધના કરતો હોય તો તે સાચું છે. પણ દિવ્યકૃપાના ભરોસે યોગ-સાધના કરતો હોય અને દિવ્ય-કૃપા ધારે તો વધુ લોકો પણ પ્રભુને મેળવી શકે છે. બધું પ્રભુના આયોજન ઉપર આધાર રાખે છે.

૧૧ પ્રશ્ન : સાધકનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઈએ?

જવાબ : પ્રભુ સાથે સંપૂર્ણ તાદાત્મ્ય એ જ યોગીનું અંતિમ લક્ષ્ય હોય છે, પણ આ તાદાત્મ્ય સ્વરૂપના ફક્ત અમુક તત્ત્વ મારફત જ (દા.ત. ફક્ત આત્મા ફક્ત અતિમનસ, ફક્ત મન, ફક્ત પ્રાણ, ફક્ત શારીરિક કે તેમાંથી એકાદ બે તત્ત્વમાં જ) ન હોવું જોઈએ. તે બધાં જ તત્ત્વોનું અને સમગ્ર સ્વરૂપનું હોવું જોઈએ.

## પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

# વિજ્ઞાન

સામાન્ય રીતે વિજ્ઞાન જેને આપણે અંગ્રેજીમાં Science કહીએ છીએ તે જ્ઞાનની વ્યાખ્યા છે. ''નિરીક્ષણ અને પ્રયોગ દ્વારા પ્રાપ્ત થયેલો વ્યવસ્થિત જ્ઞાનનો સંચય'' જ્ઞાનના આ સંચયને ભારતીય પરંપરામાં શાસ્ત્ર તરીકે ઓળખીએ છીએ.

સામાન્ય રીતે શાળા, કોલેજમાં જે અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. તે અભ્યાસક્રમમાં વિજ્ઞાનને ફક્ત ભૌતિક, રસાયણ કે જીવ શાસ્ત્ર પુરતું સીમિત રાખવામાં આવે છે. આથી જ્યારે વિજ્ઞાન વિશે વાત કરવામાં આવે ત્યારે માનવના મનમાં ફક્ત આ ત્રણ જ શાસ્ત્રના ખ્યાલો ઉત્પન્ન થાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે ભૌતિક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, જીવશાસ્ત્ર પરસ્પર એક બીજાને સમજાવી શકતા નથી. ફક્ત પોતાના વિષય પૂરતા સીમિત છે. દા.ત. ભૌતિક શાસ્ત્ર રસાયણ શાસ્ત્ર કે જીવશાસ્ત્ર વિશે સમજૂતી આપી શકતું નથી. તે રીતે રસાયણ શાસ્ત્ર કે જીવ શાસ્ત્ર પોતા સિવાય અન્ય શાસ્ત્રો વિશે સમજૂતી આપી શકે નહીં.

વિજ્ઞાન વિશે શ્રી અરવિન્દ જણાવે છે :

''ઘણાખરા મનોમય અને બાહ્ય જ્ઞાનની જેમ વિજ્ઞાન પણ તેમને કેવળ પ્રક્રિયા અંગેના સત્યનું જ્ઞાન આપે છે. હું એ પણ ઉમેરી શકું કે એ પ્રક્રિયા અંગેનું જ્ઞાન પણ સંપૂર્ણ જ્ઞાનનું હોય તેવું આપી શકતું નથી; કારણકે તમે અમુક મનોગમ્ય વસ્તુઓ ગ્રહણ કરી શકો છો, પણ જે સૌથી વધુ અધિક પ્રમાણમાં મનથી અગમ્ય વસ્તુઓ છે તેમને તો તમે ગ્રહણ કરી શકતા નથી. પ્રકૃતિમાં વસ્તુઓ કઈ રીતે બને છે તે કદાચ મહામુશ્કેલીએ જાણી શકો પરંતુ એમ બનવાને માટે કઈ કઈ પરિસ્થિતિનું અસ્તિત્વ હોવું જોઈએ તે તમે જાણી શકતા નથી.

(વિજ્ઞાન : પૃ.૮૩) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ વિજ્ઞાન ફક્ત બાહ્ય ઘટનાની પ્રક્રિયાઓ

પ્રયોગો અને નિરીક્ષણ દ્વારા સમજાવી શકે છે, પરંતુ ઘટના પાછળ કઈ પરિસ્થિતિનું અસ્તિત્વ છે તે સમજાવી શકતું નથી.

ઘટના પાછળ કઈ પરિસ્થિતિ છે તે આપણને ભારતીય પરંપરાનું દર્શન શાસ્ત્ર સમજાવી શકે છે, કારણકે દર્શન શાસ્ત્રનું ઉદ્ભવ સ્થાન પ્રયોગો કે નિરીક્ષણ નથી. પરંતુ વસ્તુમાત્રનું જ્ઞાન તાદાત્મ્ય દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.

દર્શન શાસ્ત્ર તાદાત્મ્ય દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરતું હોવાથી વસ્તુમાત્રમાં રહેલ ચેતનાને અને તેના સંકલ્પને અનુભવી શકે છે. ચેતનાનો સંકલ્પ જ પ્રત્યેક ઘટના પાછળ રહેલી પરિસ્થિતિ છે.

હવે આપણે ભારતીય પરંપરાનું દર્શન શાસ્ત્ર શું છે ? તેના વિશે ટૂંકમાં સહમનન - સહચિંતન કરશું.

ભારતીય પરંપરાના દર્શન શાસ્ત્ર મુજબ આ સૃષ્ટિ - (જગત)નું અસ્તિત્વ પુરુષ અને પ્રકૃતિના સહ અસ્તિત્વને કારણે છે. પ્રકૃતિને આપણે અંગ્રેજીમાં Nature કહીએ છીએ. તે પંચમહાભૂતની બનેલી છે. આ પંચ મહાભૂત એટલે આકાશ, વાયુ, તેજ, જલ તથા પૃથ્વી તત્ત્વો. આ પૈકી આ પંચમહાભૂતો આકાશ તત્ત્વ નિરાકાર અને તેથી અવ્યક્ત વધુ છે અને તેમાંથી વાયૂ, અગ્નિ, આપ, પૃથ્વી એ વધુને વધુ સાકાર, સગુણ અને વ્યક્ત બનતા જાય છે.

પંચ મહાભૂતમાંના પ્રત્યેક ભૂતના તત્ત્વના ગુણધર્મો અલગ અલગ હોવાથી ફક્ત એક જ તત્ત્વના અભ્યાસથી આપણને બાકીના ચાર તત્ત્વોની માહિતી પ્રાપ્ત થતી નથી. પાર્થિવ તત્ત્વમાં રૂપાંતર પામે છે ત્યારે તે મૂળ તત્ત્વનાં ગુણધર્મો વ્યક્ત કરતું નથી. જેમકે સીલીકા એટલે રેતી. રેતીમાંથી રૂપાંતર પામી સીલીકોન બને છે. રેતીમાં સંદેશ વ્યવહારને વ્યક્ત કરવાની ક્ષમતા નથી. પરંતુ આજના ઈલેક્ટ્રોનીક્સ ઉપકર્ણો જેવા કે મોબાઈલ, કોમ્પ્યુટર, ટેલીવિઝન વિગેરેમાં સીલીકોન ચીપ્સનો ઉપયોગ થાય છે. જે સંદેશ વ્યવહારને વ્યક્ત કરે છે.

આ રૂપાંતરને સમજાવવા માટે શ્રી માતાજીને જે પ્રશ્ન પુછવામાં આવ્યો હતો તે મદદરૂપ થાય છે.

પ્રશ્ન : એવો કોઈ ભૌતિકનિયમ નથી જે વિશ્વમાંની સર્વે વસ્તુઓનો ખુલાસો આપી શકે ?

શ્રી માતાજી : તમે શોધી કાઢો તો મને ખુબજ આનંદ થશે. (વિજ્ઞાનઃ પૃ. ૨૬)

આથી હાલ વિજ્ઞાનીઓ ભૌતિક તત્ત્વના અણુઓના વર્તન એટલે Quantum

Physic દ્વારા જે માહિતી આપી શકે તે પાર્થિવ તત્ત્વના અણુ વિશે હોઈ શકે પરંતુ જળ, તેજ, વાયુ કે આકાશતત્ત્વ વિશેની હોઈ શકે નહીં.

પંચ મહાભૂતમાં ચેતના સુષુપ્તરૂપે રહેલી છે, પરંતુ ચેતના અભિવ્યક્ત થતી નથી. એટલે કે સચેતન રીતે અનુભવાતી નથી. કારણકે પંચમહાભૂત અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે. જ્યારે પંચમહાભૂત સમન્વય પામી કોઈ પણ વ્યક્તિ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેને સચેતન રાખનાર પુરુષ એટલે જીવ પ્રગટ થાય છે. જ્યારે જીવ સ્વરૂપનો ત્યાગ કરે છે ત્યારે સ્વરૂપ પ્રકૃતિનાં પંચમહાભૂતમાં વિઘટીત થાય છે.

જીવને અભિવ્યક્ત થવું હોય તો તે પ્રકૃતિ દ્વારા જ અભિવ્યક્ત થવું પડે છે. પ્રકૃતિને સચેતન થવું હોય તો જીવ (પુરુષ)નો આધાર લેવો પડે છે. આમ સચેતનની અભિવ્યક્તિ એકાંગી નથી પરંતુ પુરુષ અને પ્રકૃતિના સમન્વયનું પરિણામ છે.

દર્શન શાસ્ત્ર મુજબ જીવ પ્રથમ વનસ્પતિ સ્વરૂપે સચેતન થયો. ત્યારબાદ વનસ્પતિમાં રહેલ પ્રાણના વિકાસથી માછલી, પંખી, પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યા. પ્રાણીઓમાં મનસ તત્ત્વ વિકાસ પામવાથી માનવ અસ્તિત્વમાં આવ્યો. આજનો માનવ આદિમાનવને દિવ્યમાનવ અનુભવાય, પરંતુ માનવ હજી દિવ્ય બન્યો નથી.

માનવ દિવ્ય માનવ કેવી રીતે બની શકે તે સમજાવવા માટે આપણને ગીતા મદદરૂપ થાય છે. ગીતામાં યોગેશ્વર કૃષ્ણ અર્જૂનને (માનવના પ્રતિનિધિને) જણાવે છે કે -

''મન્મના ભવ મદ્દભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।

મામેવૈષ્યસિ યુકત્વૈવ માત્યાનં મત્પરાયણઃ॥ (ગીતા : અ ૯: શ્લોક ૩૪)

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ મનને પ્રભુની ચેતના સાથે એક કરવું, આપણી ભાવપ્રધાન ચેતના સાથે એક કરવું, આ ભાવ પ્રધાન પ્રકૃતિને પ્રભુના પ્રેમમાં પલટાવી નાંખવી, આપણા કર્મો યજ્ઞરૂપે અર્પણ કરવા. આપણો પ્રેમભક્તિભાવ પ્રભુ પ્રત્યેનો પ્રેમભાવ તરીકે અને સામાન્ય જીવનમાંથી દિવ્ય જીવન પ્રતિ ગતિ કરતો રહે તે છે ગીતાનો સંદેશ

શ્રી અરવિન્દના સમજાવ્યા મુજબ સામાન્ય જીવનમાંથી દિવ્યજીવનમાં રૂપાંતરીત થવાનું જે જ્ઞાન છે તે છે વિજ્ઞાન.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

In her he found a vastness like his own,
His high warm subtle ether he refound
And moved in her as in his natural home.
In her he met his own eternity.

Sri Aurobindo (Savitri B-1, C-2, P-16)

## સાવિત્રી : પ્રભુનું પ્રતિબિંબ

ભાવાનુવાદ

અસીમતા પોતા તણી, તેણે સાવિત્રીમાં અનુભવી,
પોતાની નિર્મળ-ચેતના, જાણે તેણે ફરી મેળવી.
જાણે પોતાના નિજ-ગૃહે, તે તે દેહે આવી વસ્યો,
સનાતનતા પોતા તણી, પોતે જ અનુભવી રહ્યો.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI



## દ્વિતીય સપ્તર્ષિ : અત્રિ

કર્દમ-દેવહુતિ પુત્ર, અનુસૂયાના પતિદેવ,
દુર્વાસા બંધુ ગણ્યા, દતાત્રેયના પિતા અત્રિ-દેવ.

વૈવસ્વત મન્વંતરના પ્રજાપતિ, વેદો તેમને કહે,
પ્રજાપતિનો અર્થ વિકસાવનાર, પ્રકાશિત મનના એહ.

વૈવસ્વતનો અર્થ ગણ્યો, પ્રકાશિત વસ્તુ સદા,
મનનો તબક્કો મન્વંતર ગણ્યું, આ વૈદિક અર્થો જુદા.

અત્રિ સંશોધક બન્યા, પ્રકાશિત મનના ખાસ,
તેથી સપ્તર્ષિમાં સ્થાન મળ્યું, આ છે સાચી વાત.

તદ્ઉપરાંત નવી સાધના, અત્રિ સૂચવી જાત,
આત્મનિવેદન ભક્તિની, પ્રથા વિકસાવી અભિજાત.

આત્મનિવેદનને વાક્ કહે, તેથી અત્રિ વાક્-સ્વરૂપ,
એમ વેદો જણાવતા, એ વાત છે સાર-રૂપ.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત